# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 6 * માર્ચ 2024 * કિં. ₹ 15




વિશ્વકોશના ડાયસ્પોરા સંશોધન કેન્દ્રમાં વક્તવ્ય આપનારાં મહાનુભાવો



કવિગુરુ શ્રી રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતોની પ્રસ્તુતિ : શ્રી સુજ્ઞા શાહ,
શ્રીમતી શેફાલી નયન, શ્રીમતી સુચિતાબહેન રૉય, શ્રી હેમંત જોશી




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની એક નવી પહેલ યુવા-વિશ્વમાં
શ્રી નિસર્ગ આહીર સાથે શ્રી અશ્વિન આણદાણીની રસપ્રદ પ્રશ્નોત્તરી

**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# લોકસભાની ચૂંટણી - ૨૦૨૪

આપણા દેશમાં આ વર્ષે આગામી એપ્રિલ-મે માસમાં ૧૮મી લોકસભાની ૫૪૩ બેઠકો માટે સામાન્ય ચૂંટણી યોજાશે. લોકસભાની દરેક ચૂંટણીમાં લોકોના માટે ખૂબ મહત્ત્વની ઘટનાઓ પુરવાર થઈ છે. ચૂંટણી એ લોકશાહીનું મહાપર્વ છે. આ સમય આશાઓ, ઉમ્મીદો અને નવા વિચારો માટે છે. આપણા રાજકીય આગેવાનોને આપણી મહત્ત્વની જરૂરિયાતો અંગે વારંવાર કહેતા રહીએ અને તેને ચૂંટણીના મહત્ત્વના મુદ્દા તરીકે સામેલ કરવા દબાણ જારી રાખીએ તો જ આજના નેતાઓ તેના તરફ ધ્યાન આપશે. મહાત્મા ગાંધીના શબ્દોમાં : 'લોકશાહીમાં ચૂંટણીની પ્રક્રિયા ગરીબ અને તવંગર, શિક્ષિત અને અશિક્ષિત, શક્તિશાળી અને નિર્બળ સૌને નિર્ણય કરવામાં સમાનતા બક્ષે છે. લોકશાહીની મૂળ અવધારણા એ છે કે સામાન્ય માણસમાં અસામાન્ય સંભાવનાઓ રહેલી છે. આપણા સૌની અંદર વિશ્વને બદલી નાખવાની શક્તિ છુપાયેલી છે. નાગરિક તરીકે આપણી સાચી સ્વતંત્રતાનો આપણને મતદાનના દિવસે જ અનુભવ થાય છે. જે નાગરિકો મતદાન નથી કરતા તેનો સીધોસાદો અર્થ એ થાય છે કે આવા નાગરિકો નથી ભૂતકાળ સમજ્યા કે નથી તેમને ભવિષ્ય અંગેની ચિંતા. જે મતદાન કરે છે તે ચૂંટણીનું પરિણામ નક્કી કરે છે તેમ જે મતદાતાઓ મતદાનથી અળગા રહે છે તે તેની આળસને કારણે અયોગ્ય ઉમેદવારની પસંદગીમાં ભાગીદાર બને છે.'

વર્ષ ૨૦૨૪માં વિશ્વના અનેક દેશોમાં ચૂંટણીઓ યોજાવાની છે. હકીકતમાં વિશ્વમાં મતદાનનો અધિકાર ભોગવતા નાગરિકોમાંથી ૫૦ ટકા ઉપરાંતના નાગરિકો તેમના દેશની નવી સરકારોની રચના કરવાના છે. વર્ષ ૨૦૨૪ આ દૃષ્ટિએ જનશક્તિની અભિવ્યક્તિનું વર્ષ બની રહેશે. ભારતમાં અગાઉ ૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૦૩ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. વર્ષો સુધી સત્તામાં રહેલી અખિલ ભારતીય કૉંગ્રેસે માત્ર બાવન બેઠકો જીતીને કુલ બેઠકોના ૧૦ ટકાથી ઓછી બેઠકો પ્રાપ્ત કરતાં વિરોધ પક્ષનો દરજ્જો પણ ગુમાવ્યો હતો. વિરોધ પક્ષો અનેક નાના નાના અને પ્રાદેશિક પક્ષોમાં વહેંચાયેલા છે. આપણી ચૂંટણીપ્રથામાં મોટી સંખ્યામાં ઉમેદવારો એક બેઠક પર લડતા હોઈ ૫૦ ટકાથી ઓછા મત પ્રાપ્ત કરનાર પક્ષો મતની ટકાવારી સામે અપ્રમાણસર રીતે સારી સંખ્યામાં બેઠકો જીતે છે. ચૂંટણીઓનો સમય લોકશાહીનું પર્વ મટીને હિંસા, પ્રલોભનો, ધાકધમકી, કાવતરાંઓ અને બદનક્ષીઓની મોસમ બની જાય છે. ચૂંટણી જીતવા માટે પક્ષો અને ઉમેદવારો હીન કક્ષાએ ઊતરી જઈને જે વર્તન કરે છે તેને રોકવા ચૂંટણીપંચે આચારસંહિતા નક્કી કરી છે. ચૂંટણી દરમિયાન ઉમેદવાર અને પક્ષોની વર્તણૂક પર નિયંત્રણો લાદવાનો યશ ૧૯૯૦થી ૧૯૯૫ વચ્ચે ચૂંટણી કમિશનર તરીકે રહેલા શ્રી ટી. એન. શેષાનને જાય

છે. સમગ્ર ચૂંટણીતંત્ર અને પ્રક્રિયાને ચુસ્ત બનાવી સાચા લોકમતના આધારે પરિણામ આવે તે માટે તેમણે જે ભગીરથ કાર્ય કર્યું તે માટે દેશ સદૈવ તેનો ઋણી રહેશે.

ભારત દેશ ૧૪૬ કરોડની વસ્તી સાથે વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. અનેક દેશોની કુલ વસ્તીના સરવાળા કરતાં વધારે મતદારોના મતદાનની વ્યવસ્થા કરવી તે ખૂબ જટિલ કામગીરી છે. સદ્‌ભાગ્યે ૧૯૫૨માં યોજાયેલ પ્રથમ સામાન્ય ચૂંટણીઓ બાદ ભારતમાં યોજાયેલ તમામ ચૂંટણીઓમાં (થોડા અપવાદ સિવાય) જે સંચાલન થયું છે તે ઉત્તમ વહીવટી વ્યવસ્થાના ઉદાહરણ રૂપે પંકાય છે. અનેક દેશોના અધિકારીઓ ભારતની ચૂંટણીપ્રક્રિયાનો અભ્યાસ કરવા આવે અને ભારતીય નિષ્ણાતોને તેમના દેશોની ચૂંટણીમાં સલાહકાર નીમે તે ઘટનાઓ આપણા માટે ગૌરવપ્રદ છે.

આગામી ચૂંટણીમાં ૧૧.૫ લાખ મતદાનકેન્દ્રો પર અંદાજે ૧ કરોડ અધિકારી-કર્મચારીઓ મતદાન અંગેની કામગીરી કરશે. આ ઉપરાંત ૫૫થી ૬૦ લાખ પોલીસ અને અર્ધલશ્કરી સેવાના જવાનો સુરક્ષા અને અન્ય વ્યવસ્થામાં મદદરૂપ થશે. ૭ અથવા ૯ તબક્કામાં ચૂંટણીનું આયોજન કરી નિયત સમયપત્રક મુજબ તે કાર્ય સંપન્ન કરવામાં આવશે. લગભગ ૧૫૦૦ જેટલા ઉચ્ચ અધિકારીઓને જેમાં આઈ.એ.એસ. (વહીવટી), આઈ.પી.એસ. (પોલીસ) અને ઈન્કમટૅક્સ સેવામાંથી 'નિરીક્ષક' તરીકે નિમણૂક કરીને સમગ્ર પ્રક્રિયા નિયમાનુસાર થાય તેની ચાંપતી વ્યવસ્થા કરવામાં આવશે. વસ્તીવધારા સાથે સમગ્ર દેશમાંથી લોકસભાના સભ્યો ચૂંટવાની કામગીરીનો વ્યાપ અને જટિલતા વધ્યાં છે. મોટા ભાગના લોકશાહી દેશોમાં ચૂંટણી ખર્ચાળ પ્રક્રિયા છે. ઉમેદવારો અને પક્ષને જાહેરાત, પ્રચારસાહિત્ય, પ્રવાસ સહિત જેવી અનેક બાબતો

## અનુક્રમ


| | | |
|---|---|---|
| લોકસભાની ચૂંટણી - ૨૦૨૪ | ૩ | પ્રવીણ ક. લહેરી |
| અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસુની વિદાય | ૭ | થોમસ પરમાર |
| 'મૂક માટી' | ૯ | કુમારપાળ દેસાઈ |
| કહું છું, સાંભળો છો ! | ૧૨ | રતિલાલ બોરીસાગર |
| એક કેબલ દો કાજ | ૧૪ | ચિંતન ભટ્ટ |
| યુદ્ધો : ગઈકાલ અને આજ | ૧૮ | રક્ષા મ. વ્યાસ |
| ખુશબૂ ગુજરાતની | ૨૦ | સંજય-તુલા |
| સ્માર્ટવૉચ કેટલી ભરોસાપાત્ર? | ૨૩ | હર્ષ મેસવાણિયા |
| એક ચિનગારી : કળા પાછળની કળા | ૨૬ | સુધા ભટ્ટ |
| કમલની કર્મઠતાની કમાલ | ૨૮ | પ્રીતિ શાહ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૩૦ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | — |

માટે ખૂબ મોટી રકમની જરૂરિયાત રહે છે. અનેક લોકોની દૃઢ માન્યતા છે કે ચૂંટણીખર્ચ એ ભ્રષ્ટાચારની ગંગોત્રી બની ગઈ છે. ચૂંટણીપ્રક્રિયામાં અનેકવિધ સુધારાઓ જરૂરી છે.

સૌથી પ્રથમ તો હાલ  દર વર્ષે પાંચ-છ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ યોજાય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ યોજાતી રહે છે. સમગ્ર વર્ષમાં મહિનાઓ સુધી ચાલતી ચૂંટણીલક્ષી કામગીરી અને આચારસંહિતાને કારણે સરકારી તંત્રની ચાલુ અને મહત્ત્વની કામગીરી ઠપ્પ થઈ જાય છે. મંત્રીઓ અને લોકપ્રતિનિધિઓનો મહત્તમ સમય ચૂંટણીપ્રચારમાં જાય છે. 'એક રાષ્ટ્ર - એક ચૂંટણી'ના સૂત્ર સાથે અમેરિકામાં દર ચાર વર્ષે પ્રમુખ વગેરેની ચૂંટણી અને દર બે વર્ષે મિડટર્મ ચૂંટણીઓ નિયત સમયપત્રક મુજબ યોજાય છે. ભારતમાં સદાય ચૂંટણીનો માહોલ બનેલો રહે છે. ભારત સરકાર પૂર્વરાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં આ મુદ્દે સમિતિ ગઠન કરી શું કરવા યોગ્ય છે તેની ભલામણો મેળવશે.

બીજું સૂચન એ છે કે ઉમેદવાર કે પક્ષને ચૂંટણી માટે સરકાર નિયત રકમ આપે જેથી તેમણે કોઈના પર આધારિત રહી ભવિષ્યમાં તેનું ઋણ ચૂકવવા ખોટું કરવાનો પ્રશ્ન ન રહે. બહુપક્ષીય ચૂંટણીઓમાં અને મોટી સંખ્યામાં ઊભા રહેતા સ્વતંત્ર ઉમેદવારોને આવી રકમ ન આપી શકાય તેવો મત પ્રવર્તે છે.

ત્રીજો મુદ્દો, ડિજિટલ સવલતો વધારી મતદાર ઘરે બેઠા મત આપી શકે તેવી ચુસ્ત વ્યવસ્થા ગોઠવાય તો વહીવટી તંત્રનો બોજો ઘણો ઘટી જાય. મતદારો માટે પણ આ ફરજ ખૂબ ઝડપથી અદા કરી શકાય. આજે ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન-ઈવીએમના કારણે ઘણી ગેરરીતિઓ થઈ શકે તેવા આક્ષેપો થાય છે. ડિજિટલ પ્રક્રિયાને કેમ સુરક્ષિત અને ભરોસાપાત્ર બનાવવી તે અંગે મંથન ચાલે છે. રશિયાના સરમુખત્યાર જોસેફ સ્ટાલિને વ્યંગમાં કહ્યું હતું, 'ચૂંટણીનું પરિણામ મત આપનારા નહીં પણ મત ગણનારા નક્કી કરે છે.' પાકિસ્તાન સહિત અનેક દેશોમાં ચૂંટણી એક ફારસમાત્ર બની જાય છે.

ચોથી બાબત ચૂંટણીમાં હિંસા રોકવી, જ્ઞાતિવાદના દૂષણથી દૂર રહેવું અને કોમી શાંતિ જળવાય તે માટે હાલની જોગવાઈઓ અપર્યાપ્ત છે. તેમાં સુધારાઓ કરી આ બદીઓ નેસ્તનાબૂદ થાય તે માટે કાયદાઓ અને નિયમો વધારે કડક બનાવવા અનિવાર્ય છે.

પાંચમો પ્રશ્ન એ છે કે સંસદ અને વિધાનગૃહોમાં મહિલાઓની વસ્તીના પ્રમાણમાં તેમનું પ્રમાણ અલ્પ રહે છે. સંસદે કાયદો કરી મહિલા માટે અનામત સ્વીકારી છે. આ કાયદાનો કોણ, ક્યારે અને કેવી રીતે અમલ કરશે તે અંગે દ્વિધા પ્રવર્તે છે.

આગામી લોકસભાની ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ફરી વાર સ્પષ્ટ બહુમતી હાંસલ કરશે તેમ પ્રાથમિક સર્વેક્ષણો દર્શાવે છે. વિરોધ પક્ષોના 'ઇન્ડિયા' નામના ગઠબંધનમાં સર્વસંમતિ થઈ, ભારતીય જનતા પાર્ટી સામે સંયુક્ત રીતે પસંદ થયેલ ઉમેદવાર જ ચૂંટણી લડે તો ભારતીય જનતા પક્ષ માટે મોટો પડકાર ઊભો થાય. હાલના સ્થિતિ- સંજોગો જોતાં વિરોધ પક્ષો પોતાની હાલની સભ્યસંખ્યા જાળવી શકે તો ઘણું તેવો અભિપ્રાય સામાન્ય છે. વિરોધ પક્ષો કહે છે કે લોકશાહીમાં લોકો સરકારથી

ભયભીત ન હોવા જોઈએ, પણ સરકાર લોકમત અંગે ડર સેવીને સુશાસન આપે તો જ લોકશાહી સાર્થક બને.

સમગ્ર વિશ્વની નજર ભારતની લોકસભાની ચૂંટણી ૨૦૨૪ પર છે. આ ચૂંટણીમાં જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતીય જનતા પક્ષની સરકાર સાથે ત્રીજી ટર્મ મળશે તો દેશમાં પરિવર્તનનો જોરદાર પવન ફૂંકાશે અને વિકાસની ગતિ તેજ બનશે. મોટા ભાગના રાજકીય વિશ્લેષકો વડાપ્રધાન મોદીનું નેતૃત્વ જળવાઈ રહેશે તેમ માને છે. ભારતના મતદારની કોઠાસૂઝ અનોખી છે. ભૂતકાળના તેના ચુકાદાઓએ સાબિત કર્યું છે કે સરેરાશ મતદારની સમજણ પરિપક્વ છે. તેની વિવેકબુદ્ધિ ધન્યવાદને પાત્ર છે. થોડા મહિનાની પ્રતીક્ષા બાદ આપણને સર્વશક્તિમાન મતદારનો ચુકાદો મળશે. ભારતની લોકશાહી ૧૮મી લોકસભાની રચના બાદ એક પરિપક્વ લોકશાહીના તેના બિરુદને સાર્થક કરશે.

**- પ્રવીણ ક. લહેરી**

---

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ : ઑનલાઈન પ્રસ્તુતિ

**ગુજરાતી વિશ્વકોશ :** હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા ૩૦ દિવસમાં આશરે ૨,૫૯,૫૦૦ જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, સિંગાપોર, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઇન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

**'વિશ્વવિહાર' સામયિક :** દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

**જ્ઞાન–વિજ્ઞાનવિષયક પ્રવચનો :** ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં થતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

**વિશ્વકોશ, તમારે આંગણે :** દરરોજે 'વિશ્વકોશ તમારે આંગણે' નામના વિભાગમાં ગુજરાતી વિશ્વકોશ અને બાળવિશ્વકોશનાં અધિકરણો તેમજ 'આજના વ્યક્તિવિશેષ', 'આજનો વિચાર', 'પ્રસંગમાધુરી' જેવા વિભાગો વૉટ્સએપ પર જોઈ શકાશે.

**બાળવાર્તાની પ્રસ્તુતિ :** 'ગુજરાતી વિશ્વકોશ' દ્વારા દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તાઓ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust) અને ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ) અને વૉટ્સએપ (મો. ૯૮૯૮૦૪૨૬૯૯) પરથી નિહાળી શકશો.

# અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસુની વિદાય



પ્રો. રમેશ બી. શાહ

અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસુ અને શિક્ષણવિદ પ્રો. રમેશભાઈ શાહે તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ૮૮ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. દેત્રોજ મુકામે તા. ૧૪-૧૧-૧૯૩૫ના રોજ તેમનો જન્મ થયો હતો. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં તેઓ બીજા ક્રમે હતા. સાત ધોરણ સુધીનું શિક્ષણ તેમણે દેત્રોજમાં લીધું હતું. આઠમાથી અગિયારમા ધોરણ(જૂનું મૅટ્રિક)નું શિક્ષણ અમદાવાદની ન્યૂ પ્રકાશ હાઈસ્કૂલમાં લીધું હતું. ૧૯૫૫માં શહેરમાં સ્થપાયેલી શ્રી રામાનંદ મહાવિદ્યાલય(વર્તમાન એચ. કે. આર્ટ્સ કૉલેજ)માં પ્રવેશ મેળવ્યો. ત્યાંથી મુખ્ય વિષય તરીકે અર્થશાસ્ત્ર અને ગૌણ વિષય તરીકે ગુજરાતી સાથે બી.એ. થયા. એમ.એ.નો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં કર્યો. એ પછી એચ. કે. કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. આ માટે પ્રો. ઠાકોરભાઈ મિસ્ત્રીસાહેબે શ્રી યશવંતભાઈને ભલામણ કરી હતી. એકાદ વર્ષ પાર્ટટાઈમ વ્યાખ્યાતા તરીકે સેવા આપી; એ પછી પૂર્ણ સમયના વ્યાખ્યાતા થયા. ૧૯૯૭ સુધી લાગલગાટ ૩૬ વર્ષ સુધી અધ્યાપન કર્યું. પ્રો. શિનોય અને પ્રો. ઠાકોરભાઈ મિસ્ત્રી જેવા અર્થશાસ્ત્રના પ્રખર વિદ્વાનો પાસે ભણવાની તેમને ઊજળી તક મળી.

અભ્યાસમાં તેમની તેજસ્વિતા અને સંશોધનવૃત્તિ કૉલેજકાળથી જ ઊભરી આવી હતી. સંસ્કૃતનાં અધ્યાપિકા અને વિદુષી એવાં ડૉ. ઈન્દુકલાબહેન ઝવેરીની પ્રેરણાથી કૉલેજના મૅગેઝિન ‘સાબરમતી’ માટે તેમણે મીરાં વિશે લેખ લખ્યો હતો. લેખ એટલો વિદ્વત્તાપૂર્ણ હતો કે કૉલેજનો વિદ્યાર્થી આટલું ઊંડાણભર્યું લખે તે વિશે ચકાસણી કરવા સંપાદક શ્રી નગીનદાસ પારેખે તેમને બોલાવ્યા અને પૂછ્યું, ‘આ લેખ તમે જ લખ્યો છે ?’ રમેશભાઈએ ‘હા’ કહી. બસ, આટલાથી જ નગીનકાકાને વિશ્વાસ બેસી ગયો અને લેખ ‘સાબરમતી’માં છપાયો.

વિદ્યાર્થીકાળનો એક અન્ય પ્રસંગ ટાંકવો જરૂરી છે. મહાભારતનો કેટલોક ભાગ (સભાપર્વ) અભ્યાસક્રમમાં હતો, જે ડૉ. ઈન્દુકલાબહેન ઝવેરી ભણાવતાં હતાં. તેની રમેશભાઈ પર ઊંડી અસર પડી. વિકર્ણની ભૂમિકાનું વિવરણ ઈન્દુકલાબહેને કર્યું હતું. તે રમેશભાઈના માનસપટ પર કાયમ માટે અંકિત થઈ ગયું હતું. સાર એટલો કે, ‘વડીલો પ્રત્યેના આદરને યથાસ્થાને રાખીને તમારે તમારા વિચારો સ્વતંત્ર રીતે વ્યક્ત કરવાના છે. એમના વિચારોનો આદર કરવો જરૂરી નથી.’


૨૦૦૫ના 'સાબરમતી'ના તેમના એક લેખ 'એચ. કે.ની મારી સ્મરણયાત્રા'માં તેઓ જણાવે છે કે, 'હું એક ખરાબ વિદ્યાર્થી હતો.' બે કે ત્રણ વર્ગોમાં જ હાજરી આપતા. સહાધ્યાયી હિરુભાઈ ભટ્ટ સાથે વાતો કરતા, પરંતુ અધ્યાપક થયા પછી તેમનામાં મોટું પરિવર્તન આવ્યું. કોઈના પણ વ્યાખ્યાનમાં વાત ન થાય તેની ખાસ કાળજી રાખતા હતા. પ્રો. મિસ્ત્રીસાહેબે અર્થશાસ્ત્ર વિશેની એક પુસ્તિકા લખી હતી - જેમાં બે પ્રકરણ રમેશભાઈએ લખ્યાં હતાં ત્યારથી અર્થશાસ્ત્ર વિષયમાં લેખો, પુસ્તકો લખવાની યાત્રા શરૂ થઈ હતી. પોતાના લેખમાં કે પુસ્તકમાં અન્ય વિદ્વાનોનાં અવતરણો જરૂરી હોય તો જ મૂકતા. તેઓ માનતા કે, 'એક અધ્યાપક એના શબ્દો વેડફી શકે નહિ. એમાં પૂરેપૂરી પ્રામાણિકતા હોવી જોઈએ.' વિદ્યાર્થીએ સારો દેખાવ કર્યો હોય તો એની કદર કરવાનો ઉમદા ગુણ તેમનામાં હતો. તેમને મન - 'શ્રી નગીનદાસ પારેખ એટલે સ્વાધ્યાયનિષ્ઠાનું મૂર્તિમંત સ્વરૂપ.' રમેશભાઈ પણ પારેખસાહેબની જેમ સ્વાધ્યાયનિષ્ઠ રહ્યા અને એટલે જ પારેખસાહેબની નિવૃત્તિ પછી સ્ટાફ કૉમન રૂમની પારેખસાહેબની ખુરશીને શોભાવી હતી. અધ્યાપકોની એક સભામાં રમેશભાઈએ હિંમતપૂર્વક પોતાનો વિચાર વ્યક્ત કર્યો હતો કે યુનિવર્સિટીના વી.સી.ની જેમ કૉલેજના આચાર્ય પણ ત્રણ કે પાંચ વર્ષ માટે હોવા જોઈએ. નોંધવા યોગ્ય એ છે કે ત્યારે યશવંતભાઈ અઢાર વર્ષથી આચાર્યપદે રહ્યા હતા.

રમેશભાઈને નામે વીસ જેટલાં પુસ્તકો છે - તેમાં છ જેટલાં મૌલિક છે. પંદર પુસ્તકોમાં તેઓ સહલેખક તરીકે છે. કિશોરલાલ મશરૂવાળા તેમના પ્રિય લેખક હતા અને તેમનું 'સમૂળી ક્રાંતિ' પુસ્તક પ્રિય હતું. અર્થશાસ્ત્રની વ્યાખ્યા કરકસરના શાસ્ત્ર તરીકે આપી હતી. લેખ લખવા માટે ઑફ-પ્રિન્ટ કૉપીની કોરી બાજુનો સદુપયોગ કરતા. ગમે તેટલી ઠંડી હોય તોપણ સ્વેટર પહેરતા નહીં. ખૂબ જ ઠંડી હોય ત્યારે ક્યારેક જ મફલર ગળે વીંટાળતા. એમને પૂછવામાં આવે કે, 'તમને ઠંડી નથી લાગતી ?' ત્યારે તેઓ જવાબ આપતા કે, 'ઠંડી લાગવી એ માનસિક ખ્યાલ છે' અને દાખલો આપતા કે, 'હું સવારે કૉલેજ ચાલતો આવું છું ત્યારે રસ્તામાં ખુલ્લામાં એક ભાઈ ઠંડા પાણીથી નિરાંતે નહાતા હોય છે. એ ભાઈને કેમ ઠંડી લાગતી નથી ?' કૉલેજમાં વાંચનશિબિરો પ્રો. રમેશભાઈ ભટ્ટની સહાયથી યોજાતી, જેમાં અંબાજી અને સુરેન્દ્રનગરની શિબિરો મહત્ત્વની છે. આમાંના કેટલાક શિબિરાર્થીઓ તેમના વિષયના સફળ અધ્યાપકો અને વિદ્વાનો તરીકે જાણીતા થયા છે. તેમનું એક વાક્ય યાદ આવે છે કે, 'આપણે જે કંઈ સાંભળીએ છીએ તે ત્રીજી મિનિટ પછી ભુલાવાની પ્રક્રિયા શરૂ થાય છે.' ગુજરાતી સાહિત્યનો પણ ઊંડો અભ્યાસ હતો. સાહિત્યના ક્ષેત્રે જો તેઓ પ્રવેશ્યા હોત તો એક સારા વિવેચક હોત. રમેશભાઈએ પોતાના ઊંડા સ્વાધ્યાય વડે 'એચ. કે. આર્ટ્સ કૉલેજ' અને 'ગુજરાત વિશ્વકોશ' સંસ્થાને દીપાવી છે. તે માટે બંને સંસ્થા હંમેશ માટે તેમની ઋણી રહેશે. પોતે સંપૂર્ણ રૅશનાલિસ્ટ હોવાથી પોતાના મૃત્યુ પછી કોઈ પણ ધાર્મિક કે સામાજિક વિધિઓ ન કરવાનું સૂચન કરતા ગયા હતા અને કુટુંબીજનોએ પણ તેમની ઇચ્છાને પૂર્ણ કરી. આવા રૅશનાલિસ્ટને શ્રદ્ધાંજલિ પણ કેમ અપાય ? જૈન ધર્મમાં સ્વાધ્યાયને એક પ્રકારનું તપ ગણવામાં આવ્યું છે. રમેશભાઈના એ તપને વંદન.

**- થોમસ પરમાર**

# 'મૂક માટી'

## વિખરાયેલી માટીથી કલ્યાણકારી મંગળકળશ સુધીની યાત્રા




તપસ્વી સંત, ઉત્કૃષ્ટ સાહિત્યસાધક અને વિરલ મનીષી આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજનું ૧૮મી ફેબ્રુઆરીએ સંલેખના વ્રત દ્વારા સમતાપૂર્વક સમાધિમરણ થયું. સંસ્કૃત, પ્રાકૃત સહિત વિભિન્ન ભાષાઓ તથા હિંદી, મરાઠી અને કન્નડમાં પણ તેઓ વિશેષજ્ઞ જેવું જ્ઞાન ધરાવતા હતા. વિદ્વત્તા અને તપશ્ચર્યાને માટે પ્રસિદ્ધ એવા આ આચાર્યશ્રી વિદ્યાસાગરજી સંતકવિ તરીકે પણ વર્તમાન સમયમાં જાણીતા હતા. એમની ઓજસ્વી અને માધુર્યપૂર્ણ વાણીમાં ઋજુતા, વ્યક્તિત્વમાં સમતા અને જીવન-વ્યવહારમાં સાદગીનો ત્રિવેણીસંગમ સધાયો હતો. જીવનમૂલ્યોની સદાય પ્રતિષ્ઠા કરનારા આચાર્યશ્રી વિદ્યાસાગરજીના વ્યક્તિત્વમાંથી વિશ્વબંધુત્વ અને માનવતાની સુવાસ અનુભવાતી હતી.

એમણે અનેક ધર્મગ્રંથોના અનુવાદ કર્યા. સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ની અભિવ્યક્તિ દ્વારા મુક્તિદ્વાર ઉદ્‌ઘાટિત કરનારી એમની એ કૃતિઓમાં કલાત્મકતા છે અને વિશેષ તો ધર્મદર્શન, કર્મ, સંસ્કૃતિ અને અધ્યાત્મનું પંચામૃત એમની પાસેથી પ્રાપ્ત થાય છે. એક સ્થળે તેઓ કહે છે કે, આત્મામાં જ પરમાત્મા નિવાસ કરે છે -

'कहाँ भटकता तूँ
बीहड जंगल में
बाहर नहीं
हे संत !
वसन्त-बहार
भीतर मंगल में है ।'

કન્નડ માતૃભાષા ધરાવનાર વિદ્યાભૂષણ આચાર્ય વિદ્યાસાગરજી ધુરંધર વિદ્વાન હતા. ગંભીર વિચારક, કુશળ પ્રવચનકાર અને અગ્રણી સાહિત્યકાર હતા. જીવનભર જનઉદ્ધારની દિશામાં તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા.

એમના આ સમગ્ર સાહિત્યમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે, તે એમનું 'મૂક માટી' નામનું મહાકાવ્ય. ભારતીય મહાકાવ્યોની સમગ્ર સૃષ્ટિમાં વિરલ અને વિશિષ્ટ એ માટે

ગણાય કે એમાં કોઈ પ્રભાવશાળી રાજવીના ચરિત્રને, કોઈ ઐતિહાસિક પ્રસંગને કે કોઈ ભવ્ય ધાર્મિક વિષયનું આલેખન નથી, પરંતુ તુચ્છ, પદદલિત અને સામાન્ય લાગતી માટી એના વિષયવસ્તુ તરીકે મળે છે. એક મહાકાવ્યની રચના મૂક માટીને લક્ષમાં રાખીને કરવી, એ સ્વયં એક પડકાર છે અથવા તો કહો કે મૌલિકતાનો એક ચમત્કાર છે. અહીં માટીની અનેક ક્રિયા-પ્રક્રિયાઓ દર્શાવીને અંતે એમાંથી પ્રાપ્ત થતા શાંત અને શીતળ જળભર્યા મંગળકળશની કલ્પનાની સાથોસાથ માનવજીવનના વારાફેરા ગૂંથી લેવામાં આવ્યા છે. માટી પોતાનો અહંકાર ગાળીને, માન-અપમાન સહન કરીને, અપાર સમતા અને પ્રબળ સહનશીલતાનો પરિચય આપે છે. વળી તે કેટલીય અગ્નિપરીક્ષાઓમાં તવાઈને કુંભારને હાથે કુંભનું રૂપ પામે છે. એ સામાન્ય માટીમાંથી અસામાન્ય મંગળકળશ બને છે, પતિતમાંથી પાવન થાય છે. આ રીતે માટીના ઉદ્ધારના પ્રતીક દ્વારા પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજીએ માનવચેતનાના ઉત્થાનના પોતાના વિરાટ દર્શનને ખૂબીપૂર્વક સમાવી લીધું છે. સામાન્ય બાબતને અસામાન્ય બનાવતી એમની સર્જકપ્રતિભાનો સ્પર્શ આ ગ્રંથમાં પદે પદે અનુભવાય છે.

જમીન પરની વિખરાયેલી માટી પરથી કલ્યાણકારી મંગળકળશ સુધીની યાત્રા દર્શાવીને માનવીય ચેતનાના વિકાસની અનંત શક્યતાઓને તાગી છે અને એ રીતે ઊંડી ખીણથી ઊંચા શિખર સુધીની અર્થાત્ પાપાત્માથી પરમાત્મા સુધીની યાત્રાનો પ્રેરક આલેખ આપ્યો છે. કલાકૃતિ તરીકે માત્ર માટીના ઉદ્ધારને પ્રતીકાત્મક સૂત્ર રૂપે લઈને કેટકેટલા વિષયોમાં આચાર્યશ્રીની વિચારયાત્રા ગતિ કરે છે ! એમાં ધર્મ, દર્શન, રાજનીતિ, સમાજ, અર્થકારણ અને વર્તમાન સંસ્કૃતિ જેવા વિષયોને સાંકળી લેવામાં આવ્યા છે અને ખૂબી તો એ છે કે આ બધા વિષયોની સાથે સાથે માટીની વિકાસયાત્રાની લગોલગ વ્યક્તિની અને વિશ્વની વિકાસયાત્રાની કથા પ્રતિધ્વનિત થાય છે.

પ્રત્યેક સંતની પાસે પોતીકું ભાવજગત હોય છે. ક્રૌંચયુગલના વધની વેદનામાંથી ઋષિ વાલ્મીકિ દ્વારા 'રામાયણ'નું સર્જન થાય છે. એ વેદનાને ઋષિ-કવિ રામરાજ્યની મંગલભાવનામાં પરિવર્તિત કરી નાખે છે. 'મૂક માટી'માં આચાર્યશ્રી વિદ્યાસાગરજી એક સંતની દૃષ્ટિએ જગતને જુએ છે, સંવેદનાથી જગતની વિસંગતિઓને પ્રગટ કરતા રહે છે અને અંતે એનો સત્યમ્, શિવમ્ અને સુંદરમ્માં સમન્વય સાધે છે. શું આ કૃતિ તપસ્વી સંતની છે કે પછી ઉત્કૃષ્ટ સાધકની છે ? હકીકત એ છે કે આ કૃતિ એ સંત-કવિની રચના છે કે જે અધ્યાત્મ અને કાવ્યત્વના શિખરે પલાંઠી મારીને બેઠા છે અને એથી જ માનવીય વેદનાની સાથોસાથ આતંકવાદ જેવી જાગતિક સમસ્યાની વાસ્તવિકતા દર્શાવીને એમાંથી અંતે સર્વમંગલની ભાવના દર્શાવે છે.

આ માટે એમણે જૈન ધર્મના સિદ્ધાંતોનું આલેખન કર્યું છે. અનેકાંતવાદ, રત્નત્રય, મોક્ષ, કર્મસિદ્ધાંત જેવા દાર્શનિક વિષયોને સમકાલીન સમસ્યાઓના ઉકેલ રૂપે દર્શાવ્યા છે. કિંતુ, એને શાસ્ત્રીય રાખવાને બદલે સર્વજનસ્પર્શી બનાવી દીધા છે. એમની દૃષ્ટિ તો અસ્તિત્વવાદ, અતિયથાર્થવાદ જેવી વિચારધારાની સાથે સાથે યોગ અને અદ્વૈતની

વિચારધારા સુધી ફરી વળે છે. આ રીતે મહાકાવ્યના રચયિતાની વિરાટ વિચારસૃષ્ટિનો અહીં સાક્ષાત્ અનુભવ થાય છે. એમાં જૈન જીવનદર્શન એ માત્ર શાસ્ત્રગ્રંથો કે સાધના સુધી સીમિત રહેવાને બદલે સમકાલીન જીવનના ઉત્થાનનું સોપાન બને છે.

કોઈ મુક્ત છંદના રાજમાર્ગ પર ચાલતી આ કૃતિ એ દાર્શનિક સંતના આત્માની ભાવનાઓને સહજ, સરળ ભાષામાં પ્રસન્નતાથી વહેવડાવતી સૂરાવલિ બને છે અને એનું શ્રવણ કરતાં કરતાં - ભાવક હોય કે વાચક, શ્રાવક હોય કે સાધુ - સહુ સ્વયંનું સંગીત સાંભળે છે. આ સંગીતમાં જુદા જુદા આરોહ-અવરોહ આવતા રહે છે, ક્યાંક દૃષ્ટાંત તો ક્યાંક વ્યંગ્ય, ક્યાંક સૂત્રાત્મકતા તો ક્યાંક સંબોધનશૈલી - એ રીતે અલંકારોના ભાર કે અભિવ્યક્તિની દુર્બોધતા વિના આ કૃતિ નૈસર્ગિક ઝરણાંની જેમ અસ્ખલિત વહ્યા કરે છે. એ નોંધવું જોઈએ કે બિંદુબહેન પારેખે આ કૃતિ એ જ રૂપે અનુવાદિત કરીને આપી છે. આચાર્યપ્રવરની વૈશ્વિક ભાવના જનજનના હૃદયમાં ગુંજી રહે એવી ગુજરાતી ભાષામાં અનુવાદક શ્રી બિંદુબહેન પારેખની સરળ કિંતુ મર્મસ્પર્શી શૈલી છે. કાવ્યના મર્મને પારખીને તેઓ ભાવના અંતસ્તલને આલેખે છે.



**આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજ**

મહાન તપસ્વી, સહજ વિરાગી આચાર્યપ્રવરશ્રી વિદ્યાસાગરજીનાં જીવન અને સર્જન વિશે તો ગ્રંથોના ગ્રંથો રચાય. એમના આ મહાકાવ્ય પર વર્ષ ૨૦૦૭ સુધીમાં ચાર ડી. લિટ્, બાવીસ પીએચ.ડી., સાત એમ. ફિલ.ના શોધપ્રબંધ તથા બે એમ.એડ્. અને છ એમ. એ.ના લઘુશોધપ્રબંધ લખાયેલ છે. એમના સાહિત્ય પર એકસો જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી છે.

આ શકવર્તી ગ્રંથ પર લગભગ પોણા ત્રણસો સમીક્ષકોએ ૫૫૦ પૃષ્ઠના એક એવા ત્રણ ખંડોમાં હિંદીમાં મનનીય સમીક્ષા લખી છે, જે ભારતીય જ્ઞાનપીઠે પ્રકાશિત કરી છે. ૨૦૧૬ સુધીમાં 'મૂક માટી'ની હિંદી આવૃત્તિનાં ચૌદ સંસ્કરણ થયાં છે, આઠ જેટલી જુદી જુદી ભાષાઓમાં અનુવાદ થયા છે. માટી એ પવિત્ર આત્મા છે, જે પોતાની સ્વાભાવિક અવસ્થામાં અનંત ગુણોથી યુક્ત હોવા છતાં વિભાવદશાને કારણે યુગોયુગોથી ભવભ્રમણ કરે છે. આવી સ્થિતિમાંથી આજનું જગત આચાર્યપ્રવરની વિશ્વમાંગલ્યની ભાવના, માનવીય મૂલ્યોની ખેવના અને માનવચેતનાની વિકાસયાત્રા તરફ એક ડગલું આગળ વધે એવી ઝંખના આજે એમના સંલેખના વ્રત દ્વારા સમાધિમરણ સમયે થાય છે. આચાર્ય-સંત વિદ્યાસાગરજીની પ્રજ્ઞા અને કાવ્યપ્રતિભાના કલ્પવૃક્ષ સમું 'મૂક માટી' એ આપણને આધુનિક જીવનનું અભિનવ શાસ્ત્ર આપી જાય છે.

**- કુમારપાળ દેસાઈ**

હાસ્ય

# કહું છું, સાંભળો છો !

એક વાર એક વર્તમાનપત્રની સાપ્તાહિક પૂર્તિની 'જીવનચિંતન'ની કૉલમમાં નાટ્યકાર ઈસ્કીલસનું એક કથન ટાંકવામાં આવ્યું હતું : 'સ્ત્રીએ ઘરની ચાર દીવાલોની વચ્ચે જ પોતાની જિંદગીનો વ્યાપ સંકેલી લેવો જોઈએ અને શાંતિપૂર્વક મૌન રહીને જીવતાં શીખવું જોઈએ.' અઢી હજાર વરસ પહેલાં સ્ત્રી વિશે પુરુષની અપેક્ષા આવી હતી. આજે પણ પુરુષોને ખાનગીમાં પૂછવામાં આવે અને એનો જવાબ એની પત્નીથી ખાનગી રાખવાની ખાતરી આપવામાં આવે તો આજે પણ પુરુષમાત્રની અપેક્ષા, કદાચ જ નહિ, ચોક્કસ આવી જ હશે, એવું પુરુષજાતિના પ્રતિનિધિ તરીકે હું કહી શકું તેમ છું. અલબત્ત, બે ટંક જમવું હોય અને બાળકોને ઇંગ્લિશ મીડિયમમાં ભણાવવાં હોય તો પત્નીને નોકરી કરવા જવા દીધા સિવાય પતિનો છૂટકો નથી. પણ સ્ત્રીએ શાંતિપૂર્વક મૌન પાળીને જીવતાં શીખવું જોઈએ એવી પુરુષની માન્યતામાં ઝાઝો ફેર પડ્યો નથી. અલબત્ત ઈસ્કીલસની જેમ કોઈ પતિ જાહેરમાં હિંમતપૂર્વક આવું કહી ન શકે - આજે તો કદાચ ઈસ્કીલસ પોતે પણ જાહેરમાં આવું ન કહી શકે. પરંતુ પુરુષમાત્રને કહ્યાગરી પત્ની ગમે છે. (જોકે સ્ત્રી માત્રને કહ્યાગરો કંથ ગમે છે - એટલે એકબીજાને કહ્યાગરાં બનાવવાની માથાકૂટમાં જિંદગી પૂરી થઈ જાય છે !)

- પણ મુશ્કેલી એ છે કે એકલદોકલ ભાગ્યશાળી પુરુષને બાદ કરતાં કોઈ પુરુષને જીભ હોય એવી - એટલે કે બોલી શકતી હોય તેવી - મૂંગી સ્ત્રી ભાગ્યે જ સાંપડે છે. જાહેરમાં પતિ સામે જીભાજોડી ન કરનારી સ્ત્રી પણ હોમગ્રાઉન્ડ પર વાચાળ હોય છે. (જાહેરમાં વાદવિવાદ થાય ત્યારે જીભાજોડી કર્યા વગર મૂંગા રહેવા માટે અમારા એક મિત્ર એમનાં પત્નીને વિવાદ દીઠ એક સાડી લઈ આપે છે. વિવાદ જેટલો મોટો એટલી સાડી મોંઘી એવી પણ એમની સમજૂતી છે. આ ખર્ચને પહોંચી વળવા મિત્રને નોકરીમાં ઓવરટાઇમ કરવો પડે છે! ) કેટલીક સ્ત્રીઓ વાચાળ પતિને મૂંગો બનાવવા સમર્થ હોય છે. આ અર્થમાં સ્ત્રી ઈશ્વરી શક્તિ ધરાવે છે એમ કહી શકાય. 'મૂકમ્ કરોતિ વાચાલમ્' એમ ઈશ્વર વિશે કહેવાય છે તે સ્ત્રી વિશે પણ કહી શકાય. ફેર માત્ર એટલો છે કે ઈશ્વર મૂકમ્ (મૂંગાને) કરોતિ વાચાલમ્ (બોલતો કરે છે), જ્યારે સ્ત્રી વાચાલમ્ (બોલતા - પતિને) કરોતિ મૂકમ્ (મૂંગો કરે છે.) બંધારણનું જ્ઞાન હોય - ન હોય - ઘણાંખરાં ઘરોમાં પત્ની જ 'સ્પીકર' હોય છે. 'જીભ' નારીજાતિનો શબ્દ છે એટલે જીભનો ઉપયોગ પુરુષની સરખામણીમાં સ્ત્રી વધુ કુશળતાથી કરી શકે છે.

સતત બોલતી પત્ની રિસાય છે ત્યારે એકાએક મૌન ધારણ કરી લે છે. આવી રિસાયેલી સ્ત્રીના સૌન્દર્ય વિશે કાવ્યો રચાતાં રહે છે. પુરુષ પણ ક્યારેક રિસાય, પણ રિસાયેલા પુરુષ વિશે કવિઓ કાવ્ય લખતા નથી.

સ્ત્રીની રીસમાં કવિને કવિતા દેખાય છે - મોટે ભાગે કુંવારા કવિને. સ્ત્રી રિસાય અને મૌન ધારણ કરે ત્યારે કેવું મૌન ધારણ કરે એની એક સરસ રમૂજ છે :

એક રિસાયેલી સ્ત્રીને પતિ સાથે અબોલા ચાલતા હતા. પતિને બહારગામ જવાનું આવ્યું. વહેલી સવારની ટ્રેનમાં જવાનું હતું. પણ પતિદેવની ઊંઘ એવી કે એલાર્મ વાગ્યા જ કરે તોય ઊંઘ ઊડે નહિ. પત્ની સાથે તો અબોલા ચાલતા હતા. કહેવું કેવી રીતે, એટલે એણે એક યુક્તિ કરી. પત્નીના રૂમમાં ટેબલ પર ચિઠ્ઠી મૂકી : 'કાલે સવારે પાંચ વાગ્યે ઉઠાડજો.' બીજે દિવસે સવારે પતિદેવની ઊંઘ ઊડી ત્યારે સવારના સાત વાગી ગયા હતા ! એ બિચારો હાંફળોફાંફળો થઈ ગયો. એકદમ એની નજર ટેબલ પરની ચિઠ્ઠી પર પડી. એણે ચિઠ્ઠી ઉપાડી. ચિઠ્ઠીમાં લખ્યું હતું : 'પાંચ વાગી ગયા; ઊઠો !'

ટેલિફોન એકાએક બંધ થઈ જાય ત્યારે પ્રારંભમાં ઘણું સારું લાગે છે, પણ પછી અકળાઈ જવાય છે. કેટલાક ટેલિફોનધારકો તો બાવરા બની જાય છે. પત્ની રિસાઈને અબોલા લે છે ત્યારે પણ પ્રારંભમાં પતિને ઘણી રાહત લાગે છે. પણ પછી અબોલા લંબાય છે ત્યારે પતિ અકળાઈ જાય છે. કેટલાક તો બાવરા બની જાય છે. પુરુષનું આવું છે : પત્ની બહુ બોલે છે તે એને સારું નથી લાગતું, પણ પત્ની બિલકુલ નથી બોલતી તે તો બિલકુલ સારું નથી લાગતું !

*

બોધ : પત્ની બોલે ને પતિ સાંભળે કે બંને બોલે ને પડોશી સાંભળે એનાં કરતાં વારાફરતી બંને બોલે - એકબીજાને સાંભળે ને સમજે તો જ હવે બંનેનું નભવાનું છે. દીવાલ પર લખાયેલું આ સત્ય સૌ સમજે - કમમાં કમ નવદંપતીઓ તો સમજે જ એવી ભાવના પ્રગટ કરી મૌન ધારણ કરું છું.

**- રતિલાલ બોરીસાગર**

---

## 'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)


| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : માસિક |
| ૩-૪. | પ્રકાશક-મુદ્રક | : કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૫. | તંત્રી | : કુમારપાળ દેસાઈ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૬. | માલિકનું નામ-સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**૧ માર્ચ, ૨૦૨૪** **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**


# એક કેબલ દો કાજ

આજકાલ 'ગ્લોબલ વૉર્મિંગ' એટલે કે પૃથ્વી પર વધતી જતી ગરમી વિશે ઘણી વાતો થાય છે. કેટલાક તેને ગંભીરતાથી લે છે તો કેટલાક ફક્ત વાતો કરીને પ્રસિદ્ધિ મેળવે છે. સહુને સ્પર્શતા આ વિષય પર બહુ છણાવટ કરવાની જરૂર લાગતી નથી. છતાં પણ એક સમીક્ષા કરી લઈએ તો ઔદ્યોગિકીકરણને પગલે હવામાં કાર્બનડાયૉક્સાઇડ જેવા વાયુઓનું પ્રમાણ વધ્યું છે અને વૃક્ષોનું પ્રમાણ ઘટ્યું છે, તેના કારણે વિશ્વનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. આ એક ખૂબ જ ધીમી પ્રક્રિયા છે અને તાપમાનમાં ફેરફાર પણ ખૂબ જ ધીરે ધીરે થાય છે. જોકે, આવા નાના ફેરફારો પણ ઘણી જગ્યાએ જુદી જુદી અસર કરે છે. આ અસરો શું છે, તેનાથી પર્યાવરણને શું નુકસાન થઈ રહ્યું છે અથવા ભવિષ્યમાં શું થઈ શકે છે, આ સમસ્યાનો ઉકેલ શું જેવા પ્રશ્નોના જવાબ શોધવા માટે વિશ્વના ઘણા વિજ્ઞાનીઓ વ્યસ્ત છે. આ વિશે આગળ વાત કરતાં પહેલાં 'ગ્લોબલ વૉર્મિંગ'નું માપન કઈ રીતે થાય તેના પર એક દૃષ્ટિ નાખીએ. જમીન, સમુદ્ર અને અંતરિક્ષમાંથી હવામાનનું માપન પૃથ્વીના હવામાનના ફેરફાર અંગે અનેક સંકેતો આપે છે.

વાતાવરણમાં કાર્બનડાયૉક્સાઇડની સાંદ્રતા : વાતાવરણમાં કાર્બનડાયૉક્સાઇડના પ્રમાણનો રેકૉર્ડ ૧૯૫૦ના દશકથી આજ સુધીનાં અવલોકનોને આધારે વિજ્ઞાનીઓએ જાળવી રાખ્યો છે. વાતાવરણમાં તેનું પ્રમાણ ૪૦ % વધી ગયું છે તો હવામાનના ફેરફાર માટે જવાબદાર અન્ય બે વાયુઓ - મિથેન અને નાઇટ્રસ ઑક્સાઇડનું પ્રમાણ અનુક્રમે ૬૦ % અને ૨૫ % વધી ગયું છે.

પૃથ્વીની સપાટી પરનું સરેરાશ તાપમાન : પૃથ્વીની આબોહવાના ફેરફારનું આ સૌથી સામાન્ય માપન છે. પૃથ્વી પર અનેક જગ્યાએ ગોઠવેલા હવામાન મથક અને સમુદ્રની સપાટી પરના તાપમાનના આધારે આ પરિમાણ મળે છે. સમુદ્ર પરનું તાપમાન જહાજ અને વિવિધ જગ્યાએ બોયાં (buoys) પર ગોઠવેલાં ઉપકરણોથી મેળવાય છે. હવે તેમાં સેટેલાઇટ પર ગોઠવેલાં સંવેદકો અને ઉપકરણોનો પણ સાથ લેવામાં આવે છે. છેલ્લી અર્ધશતાબ્દીમાં પૃથ્વીની સપાટી પરનું સરેરાશ તાપમાન લગભગ ૦.૯ ડિસે. વધ્યું છે. વળી, વર્ષોવર્ષ હવામાનમાં થતી ચઢઊતર તો લટકામાં.

મહાસાગરની વધતી સપાટી અને તેજાબી સમુદ્ર : વાતાવરણમાં ઉમેરાયેલા વધારાના ૯૦ % દૂષિત વાયુઓ સમુદ્રમાં ઠરીઠામ થાય છે. પરિણામે હિમશિલાઓ પીગળવા લાગે છે અને મહાસાગરોની સપાટી ઊંચી આવે છે. છેલ્લાં અવલોકનો મુજબ યુ.કે.ની આસપાસ સમુદ્રની સપાટી પ્રતિ વર્ષ ૧.૪ મિમી. ઊંચી આવે છે. ઉપરાંત વાતાવરણનો ૨૫ % કાર્બનડાયૉક્સાઇડ સાગરમાં સમાઈ જઈ તેને તેજાબી બનાવે છે. તેનાથી સાગર-સૃષ્ટિ ડહોળાઈ જાય છે.




**વિશ્વમાં સમુદ્રના તળિયે પાથરેલા કેબલ્સ**

બદલાતું શીતવૃત્ત (Cryosphere) : ઉત્તર અને દક્ષિણ ધ્રુવ નજીકના આર્ક્ટિક અને એન્ટાર્ક્ટિક વિસ્તારોની હિમશિલાઓ પ્રતિવર્ષ પીગળતી જાય છે. આ શીતવૃત્તો સંકોચાતા જાય છે અને સમુદ્રની સપાટી ઊંચી આવતી જાય છે.

આત્યંતિક હવામાન : સમગ્ર વિશ્વના મેદાની વિસ્તારોમાં શિયાળો ટૂંકો અને ઉનાળો લાંબો થતો જાય છે. વરસાદનાં આવર્તન અને તીવ્રતા અનિયમિત થતાં જાય છે. ભારત જેવા દેશમાં હવામાન આધારિત કૃષિ છે ત્યાં આ ‘ધગતી ધરા’ની અસર ખૂબ વર્તાય છે.

વૈજ્ઞાનિકો ઉપરોક્ત પરિમાણોના માપનની સચોટ પદ્ધતિ સતત વિકસાવી રહ્યા છે અને અવલોકનો કરી રહ્યા છે. આ પ્રયાસોમાં તેમણે નોંધ્યું કે ઉત્તરધ્રુવના બરફીલા વિસ્તારોમાં તાપમાનના વધારાની મોટી અસર પડી રહી છે. પીગળતા મોટા હિમખંડો સરળતાથી જોઈ શકાય છે, પરંતુ તે વિસ્તારના દરિયાના પાણીમાં થતા ફેરફારોને જાણવા ખૂબ મુશ્કેલ છે. વૈજ્ઞાનિકો તે અસરોને શોધવા અને માપવા માટે નવી નવી રીતો શોધતા રહે છે - અજમાવતા રહે છે. અન્ય મહાસાગરોની સરખામણીમાં આર્ક્ટિક સર્કલ નજીકના મહાસાગરો વિશે આવી માહિતી મેળવવી વધુ મુશ્કેલ છે. અહીંના દરિયાનું પાણી આખું વર્ષ ઠંડુંગાર રહે છે. શિયાળાની ઋતુમાં ઘણી જગ્યાએ બરફ જમા થઈ જાય છે. અલબત્ત, આ તો સમુદ્રની સપાટીની - ઉપલા ભાગની વાત થઈ. જેમ જેમ આપણે સમુદ્રમાં ઊંડા ઊતરતા જઈએ તેમ તેમ પાણીનું તાપમાન વધુ ને વધુ ઘટતું જાય છે. વધુ ઊંડા ઊતરીએ તો ત્યાં કેટલાક એવા ભાગો પણ છે જ્યાં આખું વર્ષ પાણી બરફ સ્વરૂપે થીજેલું જ રહે છે - ક્યારેય પીગળતું નથી. તેને સમુદ્રની અંદરનો ‘કાયમી હિમ - Permafrost (પર્માફ્રૉસ્ટ)’ કહેવામાં આવે છે. કાયમી હિમ ઊંચા

પહાડો પર પણ હોય છે. તે પૃથ્વીના મોટા વિસ્તારને આવરી લે છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે ગ્લોબલ વૉર્મિંગને કારણે સાગરનો આ 'કાયમી હિમ' પ્રભાવિત થયો છે, પરંતુ ત્યાં પહોંચવું અઘરું છે. આટલી ઊંડાઈએ પહોંચી માપન કરવું તો લગભગ અશક્ય છે, પણ હાથ પર હાથ રાખીને બેસી રહે તો વિજ્ઞાની શાનો ?

'સાયંટિફિક અમેરિકન'માં તાજેતરમાં (૧૯ ડિસેમ્બર, ૨૦૨૩) પ્રકાશિત થયેલા એક અહેવાલમાં એક નવી તકનીકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેને કારણે હવે કાયમી હિમની સ્થિતિ વિશે માહિતી મેળવવાનું શક્ય બન્યું છે. જો આ બરફ પીગળે તો તેમાં કેદ થયેલ કાર્બનડાયૉક્સાઈડ અને મિથેન વાતાવરણમાં પહોંચે અને ગ્લોબલ વૉર્મિંગમાં વધારો થાય. આ દૃષ્ટિકોણથી પણ પીગળતા કાયમી હિમનો અભ્યાસ કરવો મહત્ત્વપૂર્ણ છે. તો હવે આ નવી તકનીક વિશે થોડી વાત કરીએ.

આપણે કેબલ ટીવીથી પરિચિત છીએ. ઘરમાં ઘણી બધી ટીવી ચૅનલો જોવા માટે ટીવી સાથે કેબલ જોડેલો હોય છે. ટેલિફોન, ટેલિગ્રાફ, ઇન્ટરનેટ જેવા વિવિધ પ્રકારના કૉમ્યુનિકેશન સિગ્નલોના પ્રસારણ માટે કેબલ નાખવામાં આવે છે. જોકે એ અલગ વાત છે કે છેલ્લા થોડા દાયકાઓથી બિનતારીય સંદેશાવ્યવહાર અને ઉપગ્રહપ્રસારણનો દબદબો વધી ગયો હોવાથી કેબલપ્રસારણના એકચક્રી સામ્રાજ્યમાં ઓટ આવી છે. હા, તો સંચાર માટે બે શહેરો કે બે દેશો વચ્ચે પણ કેબલ નાખવામાં આવ્યા હતા - આવે છે. આ કેબલમાં ધાતુના તારને બદલે મહદંશે ઑપ્ટિકલ ફાઇબર હોય છે. જમીનથી જોડાયેલા બે દેશો વચ્ચે આ પ્રકારના કેબલ નાખવા સરળ છે, પરંતુ યુ.કે. અને યુ.એસ.એ. વચ્ચે કેબલ નાખવો હોય તો શું ? તેમની વચ્ચે તો આટલાંટિક મહાસાગર છે. અહીં સાગરના પાણીની નીચે કેબલ બિછાવ્યા સિવાય છૂટકો નથી.

૧૮૫૮માં ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ વચ્ચેની ઇંગ્લિશ ખાડીમાં દરિયાને તળિયે પહેલી વાર આ પ્રકારનો કેબલ નાખવામાં આવ્યો હતો. ખૂબ જ પ્રાથમિક સ્તરના કેબલનો ઉપયોગ ટેલિગ્રાફ માટે થતો હતો. (નોંધ : આપણા દેશમાં હવે ટેલિગ્રાફ સેવાઓ નથી.) અલબત્ત, હવે તેમાં ઘણા સુધારા થયા છે અને બીજી ઘણી સેવાઓ માટે તેનો ઉપયોગ થાય છે. વિશ્વના તમામ મહાસાગરોમાં સંચાર કેબલોની જાળ બિછાવવામાં આવી છે. વિશ્વમાં મોટા ભાગના સંદેશાવ્યવહાર આ પ્રકારના કેબલ એટલે કે ઑપ્ટિકલ ફાઇબર દ્વારા થાય છે. આપણે જાણીએ છીએ કે પ્રકાશકિરણ કોઈ પણ માધ્યમમાં સીધી લીટીમાં મુસાફરી કરે છે. પરંતુ તેના માર્ગમાં જો માધ્યમ બદલાય તો પ્રકાશની દિશા પણ બદલાય છે. તેને આપણે વક્રીભવન કહીએ છીએ. આનું હાથવગું ઉદાહરણ છે મૃગજળ. ઉનાળા દરમિયાન જમીનની નજીકની હવા વધુ ગરમ હોવાથી પાતળી બને છે અને મૃગજળ દેખાય છે.

અમેરિકાની સેંડિયા નૅશનલ લૅબોરેટરીના વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે આર્ક્ટિક સર્કલના સમુદ્રના તળિયે ઘણા કેબલ દટાયેલા છે. તેમાંથી કેટલાક ઉત્તરધ્રુવ પાસેના અલાસ્કાના બ્યુફોર્ટ સમુદ્રના તળિયે પર્માફ્રૉસ્ટ પ્રદેશમાંથી પસાર થાય છે. તેમણે અનુમાન કર્યું કે

કાયમી હિમને કારણે કેબલ પર પડેલા દબાણથી અંદરના તંતુઓ પર થોડી અસર તો થઈ હોવી જોઈએ. તેથી તે જગ્યાએ પ્રકાશકિરણનું વક્રીભવન અને વિખેરણ થવું જોઈએ. કેબલના અસંખ્ય તંતુઓમાંથી ઉપયોગમાં ન હોય તેવા તંતુની પસંદગી કરી. તેમાં લેસર પુંજ દાખલ કરવામાં આવ્યો અને પુંજનું વક્રીભવન અને વિખેરણ ક્યાં અને કેવી રીતે થાય છે તેનું અવલોકન કરવામાં આવ્યું. કેબલ પર કાયમી હિમની અસર ખૂબ જ સૂક્ષ્મ હતી માટે લેસર પુંજમાં ફેરફાર પણ નજીવો હતો. વિજ્ઞાનીઓએ આ નવી રીતથી પર્માફ્રૉસ્ટ અંગે અવલોકનો ચાલુ રાખ્યાં. અવલોકનની રીતને સંવર્ધિત કરતા ગયા. ચાર વર્ષના અથાક પ્રયત્નો પછી વિજ્ઞાનીઓ તેમના ઉદ્દેશ્યમાં સફળ રહ્યા. અલાસ્કામાં સાગર નીચેના પર્માફ્રૉસ્ટ પીગળવા વિશે ઘણી મહત્ત્વપૂર્ણ માહિતી મળી. હવે આ પદ્ધતિ અન્યત્ર પણ લાગુ કરી શકાશે. કેબલ પરનું દબાણ, કેબલ પરનું તાપમાન વગેરે પ્રકાશના પ્રસારણને અસર કરે છે. આથી આ સંશોધનમાંથી વિકસિત થયેલી ટૅક્નૉલૉજીની મદદથી જ્યાં પણ દરિયાની અંદર કેબલ હોય ત્યાં તેના દ્વારા સંદેશાવ્યવહાર ઉપરાંત સમુદ્રતળ વિશે નવી માહિતી મેળવી શકાશે. આ તો થઈ ભાઈ ‘એક કેબલ દો કાજ’ જેવી વાત.

**– ચિંતન ભટ્ટ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી ‘વિશ્વવિહાર’ મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને ‘વિશ્વવિહાર’ મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઈલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# યુદ્ધો : ગઈકાલ અને આજ

આજકાલ યુદ્ધોની બોલબાલા છે. આધુનિક દુનિયામાં યુદ્ધ વિનાનો એકેય દિવસ ઊગે છે ખરો ? તિમિરની સનસનાટીભરી મધ્યરાત્રીમાંથી પ્હો ફાટતાં આવી પહોંચેલા સમાચારપત્રથી યુદ્ધ મારા ઘરમાં પ્રવેશી જાય છે. મનમાં એક અજંપો અને ઉદ્વેગ ભરી દે છે. યુદ્ધોને અટકાવી શકાશે ખરાં એવો અજંપો નાગરિક - એક વ્યક્તિથી માંડીને સમગ્ર સમષ્ટિનો મહાપ્રાણપ્રશ્ન બની રહ્યો છે.

વિશ્વએ વીસમી સદીમાં છમકલાં, યુદ્ધો અને છેવટે બે વિશ્વયુદ્ધો ખેલ્યાં ત્યારે તાસીર એવી રચાઈ કે હવે યુદ્ધોનો અંત આવી ગયો છે અને નવાં વધુ યુદ્ધો ખેલાવાનાં નથી. જાણે યુદ્ધોની પૂર્ણાહુતિ થઈ છે. હિરોશીમા અને નાગાસાકી સાથેના જાપાનનું સ્મરણ આ પૂર્ણાહુતિ પરની મહોર બની રહેશે એમ જગત માનતું હતું પણ એકવીસમી સદીનો બીજો દસકો આવતાં વિશ્વની યુદ્ધ-પૂર્ણાહુતિ અદૃશ્ય થયેલી જણાય છે.

રશિયા અને યુક્રેન ઝઘડી રહ્યા છે. જાન્યુઆરી - ૨૦૨૨માં આ બે દેશો વચ્ચે યુદ્ધના ભણકારા સંભળાતા હતા ત્યારે અમેરિકન ડિફેન્સ થિંક ટેન્કે અહેવાલ આપ્યો હતો કે ‘રશિયા માટે યુક્રેનને હરાવવાનું કામ ગણતરીના દિવસોનો ખેલ છે. રશિયન સૈન્ય ૪૮ કે ૭૨ કલાકમાં યુક્રેનનો કબજો લઈને મૉસ્કો પાછું આવી જશે.’ રશિયન લશ્કરી અધિકારીઓએ પુતિનને અહેવાલ આપેલો કે ‘યુક્રેન સામે યુદ્ધ માંડ બે-ત્રણ સપ્તાહ ચાલશે. ત્રણેક સપ્તાહમાં યુક્રેનનું લશ્કર શરણે આવી જશે. જો તેને કોઈ દેશની સહાય મળે તો વધી વધીને દોઢ મહિનો થઈ શકે.’ વળી આ અહેવાલો અધ્ધરતાલ ન હતા. આમ અભ્યાસી અહેવાલો છતાં ધારણાથી તદ્દન વિપરીત આ યુદ્ધ ઘણું ઘણું લાંબું ખેંચાયું છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪માં આ યુદ્ધને બે વર્ષ પૂરાં થયાં છે અને તેનો કોઈ છેડો હોય તેવું અભ્યાસીઓને જણાતું નથી. રશિયાને હંફાવીને યુક્રેન ટકી ગયું છે, નાનકડું યુક્રેન ટકી રહ્યું છે. પ્રબળ રાષ્ટ્રવાદ અને વિદેશી સહાયથી યુક્રેન ભારોભાર મજબૂતીથી ટકી શક્યું છે. જર્મની, સ્પેન, ફિનલૅન્ડ, આયર્લૅન્ડ અને નાટો દેશોએ કરેલી શસ્ત્રસહાયે તેને જાણે સહાય નહીં, પરંતુ જીવતદાન આપ્યું છે. લંબાતાં યુદ્ધોની સામે જાણે એક દૃઢ મોરચો ઊભો થયો છે.

આ લંબાતાં યુદ્ધોનો સિલસિલો ખતમ નથી થયો. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં ૧૦૦ કરતાં પણ વધુ દિવસથી ચાલી રહેલા યુદ્ધને કારણે મધ્યપૂર્વ અસાધારણ તનાવમાંથી પસાર થઈ રહ્યું છે. પાકિસ્તાન અને ઈરાન પણ આ ખાંડા ખખડાવવાના કામમાં જોડાયેલા છે. બંને દેશો વચ્ચેની લાંબી સરહદ અને શિયા-સુન્ની વચ્ચેના ભેદભાવ શસ્ત્રોના ખખડાટને શાંત થવા દેતા જ નથી. વધારામાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ પસાર થતાં જહાજોનો માર્ગ આંતરી વિશ્વ-વ્યાપારમાં અવરોધો - ડરામણા અવરોધોથી વ્યાપારને રૂંધી રહ્યા છે.



આ લંબાયેલાં યુદ્ધોને વધુ લંબાવતો જઈ રહ્યો છે પ્રબળ રાષ્ટ્રવાદ - જે તે દેશોનો તીવ્રતમ રાષ્ટ્રવાદ યુદ્ધોની વ્યાપકતાને રોકનારી ઢાલ બનીને ઊભો છે. આ યુદ્ધો વધુ વ્યાપક બની આસપાસ ફેલાય નહીં તેની તકેદારી પણ અન્ય દેશો રાખી રહ્યા છે. યુદ્ધોનો આ અપ્રસાર વિશ્વ માટે મોટો આશીર્વાદ બન્યો છે; નહીં તો ત્રીજું વિશ્વયુદ્ધ ઝાઝું દૂર ન રહી શક્યું હોત ! રાજદ્વારી નીતિનું અંતિમ સાધન ગણાતું યુદ્ધ (અનેક ખાનાખરાબી છતાં) તેના લક્ષ્યની પૂર્તિ માટે નિરર્થક બની રહ્યું છે. યુદ્ધની આવી નિરર્થકતા ઘણી ગર્ભિત શક્યતાઓના નવા રસ્તા ખોલી આપનારી બની રહે તેમ છે.

સાથે સાથે આંતરરાષ્ટ્રીય મિત્ર સંગઠનો વોર્સો, સીઆટો, સેન્ટો અને ખુદ નાટો બોદાં પુરવાર થયાં છે. મિત્રતાને નામે સહાય ખરી પણ સીમિત હદ સુધી જ. મૂળ મુદ્દો તો જે તે દેશના સર્વોચ્ચ રાષ્ટ્રીય હિતને પૂરક બને ત્યાં સુધીની મિત્રતા જ નિભાવી શકાય છે. અન્યથા મિત્રતા કેવી અને વાત કેવી ! ખુદ અમેરિકા પણ યુક્રેનને અમુક હદથી વધુ સહાય પૂરી પાડવા તૈયાર નથી. બિનજોડાણવાદી દેશો માત્ર દૂર રહીને તમાશો જોઈ રહ્યા છે. આ દેશો સાધારણ સહાનુભૂતિથી વધારે કોઈ નક્કર પગલાં સૂચવી શક્યા નથી. આથી એક જ લાભ થયો છે. યુદ્ધ વ્યાપક યુદ્ધ બનવાને બદલે સીમિત યુદ્ધ બની રહ્યું છે. બૅલેન્સ ઑવ્ પાવર(સત્તાની સમતુલા)નું સ્થાન બૅલેન્સ ઑવ્ ટેરર(ભીતિની સમતુલા)એ લીધું છે. આ ભીતિની સમતુલાએ ત્રીજા વિશ્વયુદ્ધની સંભવિતતાનો છેદ ઉડાડી દીધો છે. એકંદરે યુદ્ધે તેની અસરકારકતા ગુમાવી દીધી જણાય છે. એક, યુદ્ધથી દેશો વચ્ચેના પ્રશ્નોનો કાયમી ધોરણે ઉકેલ શક્ય નથી. બીજું, સત્તા - ગમે તેટલી મજબૂત અણુશક્તિ ધરાવતી સત્તા કે તે દેશો બેફામ બની શકે તેમ નથી. તેમને તેમની ખુદની પ્રજાની પરેશાનીનો ભય પીડે છે. આ કલ્પિત ભય વાસ્તવિક બને તો શું ? આવો ડર તેમને - શક્તિશાળી દેશોને પીડે છે. આ 'ભીતિની સમતુલા'થી યુદ્ધોની મર્યાદા પણ છતી થઈ છે. હવેનું વિશ્વ સ્થાનિક યુદ્ધો છેડી શકશે પણ ઇચ્છા કે અનિચ્છાએ કે ભયના માર્યા વ્યાપક યુદ્ધોથી દૂર જ રહેશે.

યુદ્ધ સામે તેના સગોત્ર શબ્દો - યુએન, યુનિસેફ, યુનેસ્કો યુદ્ધને નિરર્થક બનાવવાની વધુ ને વધુ શક્તિ મેળવે તો જ યુદ્ધોને વધુ ને વધુ સીમિત રાખી શકાશે એવી આશા અસ્થાને નથી.

**- રક્ષા મ. વ્યાસ**

# ખુશબૂ ગુજરાતની

૨૦૧૬ની ડિસેમ્બર મહિનાની એક ઠંડી સાંજે હું અને વરિષ્ઠ ગાંધીજન રામજીસિંહ ડૉ. કરણસિંહના ઘરે જઈએ છીએ - કાશ્મીરની અત્યંત વિકટ બનેલી પરિસ્થિતિમાં આપણે શું કરી શકીએ એ સમજવા માટે. પ્રો. ડૉ. રામજીસિંહને સંબોધતાં અને મારી સામે જોતાં જોતાં ડૉ. કરણસિંહ કહે છે કે : 'પોલિટિશિયન જહાં ફેલ હો જાતે હૈ વહાં સે ફિલૉસૉફર કા કામ શુરૂ હોતા હૈ ।'

મારી સામે ઘણીબધી મીઠાઈઓ મુકાઈ છે. પ્રેમથી મને કહે છે કે, 'બેટા યે ખાઓ, યે બહુત મીઠી હૈ, યે પૈંડા ખાઓ' અને સાથે સાથે એમની પીડા પણ મને ચખાડે છે ને કહે છે કે : 'કશ્મીર કા હર ગાંવ કબ્રસ્તાન બના હૈ. બેટા, હિલિંગ ટચ કી જરૂરત હૈ।' સ્વ. કુલદીપ નાયર, કુમાર પ્રશાંત, આરિફ મોહમ્મદ ખાન, દિલીપ સિમિયન, નાસિરા શર્મા, આરતી ટીકુ જેવા બીજા કેટલાક સાથેનો સંવાદ અને અંતે વિશ્વગ્રામના શિક્ષક સાથીઓ સાથેનો વિમર્શ-૨૦૧૭ના મે મહિનાના ખૂબ જ અઘરા સમયમાં  ખૂબ જ અઘરા પ્રદેશ એવા અનંતનાગમાં જઈએ છીએ... અને આ 'હિલિંગ ટચ'નું ટૂલ-ઓજાર શિક્ષણને બનાવીએ છીએ. અટ્ટન ગામની એક શાળામાં અગવડો વચ્ચે રહીને વિશ્વગ્રામના ૨૫ શિક્ષકસાથીઓ ક્યારેક  બસોમાં, ક્યારેક જીપોમાં તો ક્યારેક સામાન ઉપાડીને ચાલતા ચાલતા અનંતનાગનાં ૨૫ ગામો અને ૨૫ શાળાઓમાં જાય છે. મારા જેહનમાં જૉસેફ મૅકવાનના ભવાન ભગતનું આ ભજન એ દિવસોમાં સતત ગુંજ્યા કરતું હતું –

'વાંહલડો મારું તો મોટા ફાચરિયા ફાટે,
રંધાની ગત મને લાધો મારા રામ'

આ પહેલી કાશ્મીરયાત્રાના છેલ્લા દિવસે ત્યાંની એક પ્રાથમિક શાળાના આચાર્યએ અમને સૌને એમના પહેલગાંવમાં આવેલા ઘરે ભોજન માટે નિમંત્રણ આપ્યું. આ એક એવા શિક્ષક છે જે એમનાં બાળકોને-વિદ્યાર્થીઓને ગ્લોબલ વૉર્મિંગ શીખવવા છેક ગ્લૅશિયર સુધી લઈ જાય છે ને આ એ માણસ છે જેના પરિવારે વર્ષો પહેલાં અમરનાથની ગુફા શોધેલી. એમની પાસેથી એ બધી વાતો સાંભળવી એ એક અલગ લહાવો છે !

અમે ૨૫ વ્યક્તિ, નજીકથી જોડાઈ ગયેલા પાંચ-સાત શિક્ષકો અને એમના પરિવારના સભ્યો એમ અમે બધા મળીને ૩૫થી પણ વધુ વ્યક્તિ હતા અને એમનાં પત્નીએ રાંધ્યાં હતાં ચાર શાક - ખીર - રાજમા - ચાવલ - દહીં - પાપડ અને સાથે સાથે ગુજરાતીઓ ખાવામાં રોટલી ખાય એવી એમને જાણકારી હોવાથી અમારા સૌ માટે રોટલી પણ બનાવી હતી, જે બનાવવી એમના માટે બહુ જ અઘરી હતી!

ભોજન પૂરું થયા પછી થોડી જ વારમાં એકદમ જ અચાનક તેઓ લાકડાના મોટા



થડ ઉપર ઊભા રહી ગયા અને અમને સૌને સંબોધીને કહ્યું, ''સંજયભાઈ, વહાં જાકર સબ કો કહેના કી 'વી આર વન' !'' એક ક્ષણ પૂરતું મારી સામે યાન્નીના ભવ્ય કૉન્સર્ટનું એ દૃશ્ય ખડું થઈ જાય છે, જેમાં ૩૦૦૦ વર્ષ જૂના આર્મેનિયન ઇન્સ્ટ્રુમેન્ટ ડુડૂકની સાજે યાન્ની પણ આ જ કહે છે : We are one...

પહેલગાંવની વાદીઓમાં આવેલા આ ખેતર વચાળેના ઘરેથી બોલાયેલા આ શબ્દો 'વહાં જાકર સબ કો કહેના કી વી આર વન' - હિમાલયમાં પડઘાયેલા આ શબ્દો સાંભળીને હું મનોમન બોલી ઊઠેલો કે 'કાશ્મીર એ પડઘાની સંભાવનાઓનો પ્રદેશ છે.'

કાશ્મીરયાત્રાનું આ એ જ વર્ષ હતું જ્યારે હજી હમણાં જ અમારું નેપાળનું કામ પૂરું થયું હતું. (નેપાળમાં આવેલ ધરતીકંપમાં ત્રણ વર્ષ કામ કરેલું.) પહેલી વખત નેપાળ ગયા ત્યારે ત્યાંની તિરાડોગ્રસ્ત શાળાની લાઈબ્રેરીમાં હું પુસ્તકો ફંફોસતો હતો અને મારા હાથમાં આવેલું નેપાળીમાં અનુવાદિત ગિજુભાઈનું દિવાસ્વપ્ન. એ ક્ષણે જ મનમાં થયેલું કે આ ગિજુભાઈને મળવા નેપાળના શિક્ષકોને ગુજરાત લઈ આવવા જોઈએ. અને ત્યાંના ૩૬ શિક્ષકોને ૧૫ દિવસ માટે ગુજરાત લઈ આવ્યા. આ યાત્રામાં એમની એક ભેટ સ્વ. ઇલાબહેન ભટ્ટ સાથે પણ હતી. મેં ઇલાબહેનનો પરિચય ગાંધીજન તરીકે આપેલો. ઇલાબહેન સાથેના સંવાદમાં જે શાળામાં અમે અઢી કલાક ચાલીને જતાં અને વળતાં પણ એટલો જ સમય લાગે એવી શાળાના એક શિક્ષકે ઇલાબહેનને પૂછ્યું હતું કે, 'મૈયા, મૈં ઇતિહાસ કા શિક્ષક ભી હૂં ઔર વિદ્યાર્થી ભી. મૈં ઇતિહાસ કો ખૂબ પઢતા આયા હૂં. મૈંને દેખા હૈ કી દુનિયા કી સભી ક્રાંતિઓ મેં ક્રાંતિ કે નાયકોને ક્રાંતિ કી સફલતા કે બાદ સત્તા સંભાલી હૈ. ગાંધીબાપુ અકેલે સબસે અલગ દીખ રહે હૈ. ઉસકી વજહ મૈં આપસે સમજના ચાહતા હૂં'.

કેટલી બધી અલગ રીતે શિક્ષકો વિચારી શકે છે, કેટલી બધી નવી રીતે શિક્ષકો કામ કરી શકે છે ! શિક્ષકોનો રોલ જેટલો વધશે, એટલો જ સૈનિકોનો રોલ ઘટશે. સાવ જ નવા ઉઘાડથી વિચારતા અને સાવ જ નવી સંભાવનાઓ ખોલવા મથતા (ખાસ

કરીને Conflict Areaમાં કામ કરતા) શિક્ષકોનું જેટલું વિશેષ આદાનપ્રદાન સંભવ બને તેવાં સ્વરૂપો આપણે વિકસાવવાં પડશે.

આવાં અનેક સ્વરૂપ એટલે કાશ્મીરના શિક્ષકોની-વિદ્યાર્થીઓની ગુજરાતયાત્રા. ૨૦૧૮થી લઈને ૨૦૨૩ સુધીમાં ચાર વખત કાશ્મીરના શિક્ષકો અને એક વખત કાશ્મીરના વિદ્યાર્થીઓ ગુજરાત આવી ગયા. (કોવિડના સમયગાળામાં બે વરસ જોકે આ બધી ગતિવિધિ બંધ રહેલી.) આ આખી યાત્રાનું સ્વરૂપ ખૂબ જ સર્વગ્રાહી હોય છે. જેમાં તેઓ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં ચાલતી પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓથી લઈને IIM-અમદાવાદ, IRMA જેવી સંસ્થાઓ જુએ છે. વિશ્વગ્રામની સાથે જોડાઈને જે ઉચ્ચ- શિક્ષણની સંસ્થાઓ કાશ્મીરનાં યુવક-યુવતીઓને પોતાની જવાબદારી માની ભણાવે છે તેવી યુનિવર્સિટી-કૉલેજોની મુલાકાત તેઓ લે છે. સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગર, મુનિ સેવા આશ્રમ-ગોરજ, સર્વોદય પરિવાર-પિંડવળ, ખડકી અને આર્ચ વાહિની જેવી સંસ્થાઓમાં જાય છે. ત્યાંના કામને નજીકથી નિહાળે છે. દક્ષિણામૂર્તિ, વિશ્વકોશ જેવી સંસ્થાઓમાં પણ જાય છે. એક વેળા આ શિક્ષકોએ લગભગ ૯૫,૦૦૦ રૂપિયાની ખાદી ખરીદેલી !

રઘુવીર ચૌધરી, સ્વ. ઈલાબહેન ભટ્ટ, કુમારપાળ દેસાઈ, પ્રા. અનિલ ગુપ્તા, પી. કે. લહેરી સાથે સંવાદ કરે છે. ક્યારેક શિક્ષકોને મળવા મુ. શાહબુદ્દીન રાઠોડ થાનથી અમદાવાદ આવે છે. તો ક્યારેક કાશ્મીરી પંડિત આ શિક્ષકો પાસે આવીને એમની કવિતા-ગીતો રજૂ કરે છે જે આજે પણ કાશ્મીરમાં લગ્નગીતમાં ગવાય છે. ક્યારેક મુસાફિર પાલનપુરી એમની સાથે ગઝલગોષ્ઠિ માંડે છે. રાજેન્દ્ર-રૂપલ જેવા સ્થપતિ ૨૦૦૫માં ધરતીકંપ વેળા ઉરી ક્ષેત્રમાં એમણે કરેલ કામની વાત કરતાં કરતાં ફોટા બતાવતા - ફોટો જોઈને એક શિક્ષક ભાવવિભોર થઈને બોલી ઊઠે છે કે, 'યે તો મેરા ગાંવ ઔર મેરા હી ઘર હૈ। મૈં વહી સ્કૂલ મેં પઢતા થા।' એમના માટે ભગવો રંગ એ યોગી આદિત્યનાથનો ભગવો રંગ છે. માધવપ્રિયદાસજી જેવા સંત સાથે સત્સંગથી તેમને અહેસાસ થાય છે કે ભગવો રંગ એ વિવેકાનંદનો ભગવો રંગ છે. ઘણાબધા શિક્ષકો પહેલી વખત દરિયો જુએ છે - પહેલી વખત રણ જુએ છે ને યાત્રાને અંતે તેઓ ગાંધીઆશ્રમ જાય છે. પ્રાર્થના કરે છે. એ ગાંધીની આત્મકથા સાથે લઈને બીજા દિવસે સવારે વિદાય લેતી વેળા સ્ટેશન ઉપર એમના ગ્રૂપલીડર એક ગ્રૂપ ફોટો પાડે છે અને એ તસવીરની નીચે ત્રણ શબ્દોનું એક વાક્ય લખી મને વૉટ્સઅપ મૅસેજ મોકલે છે જે હોય છે : Love you Gujarat. અમિતાભ ખુશબૂ ગુજરાતની શું ફેલાવશે, એ તો આપણે જ ફેલાવવી રહી.

**- સંજય-તુલા**

---

## આસ્વાદ

**◈ ૧૭ માર્ચ, ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'આવો માણસ કોઈ 'દિ જોયો નથી' (ઝવેરચંદ મેઘાણીના જીવન અને સર્જન પર અભિવાચનનો કાર્યક્રમ) વિશે શ્રી મેઘશ્રી અને શ્રી સંજય ભાવે વક્તવ્ય આપશે.

# બ્લડપ્રેશર અને ડાયાબિટીસનું માપ કાઢતી સ્માર્ટવોચ કેટલી ભરોસાપાત્ર?

દિવસ દરમિયાન કેટલી કસરત થઈ ? દિવસમાં કેટલા સ્ટેપ્સ ચાલી શકાયું ? કેટલી કેલરી વપરાઈ ? રાતે કેટલી ઊંઘ થઈ ? બ્લડપ્રેશર કેટલું છે ? શરીરમાં શુગરની માત્રા કેટલી છે ?

આ બધા સવાલોના જવાબો મેળવવા માટે હવે ફિટનેસ ટેસ્ટ કે તબીબી પરીક્ષણો કરવાની જરૂર પડતી નથી. એક સ્માર્ટવૉચ, ફિટનેસ ટ્રેકર ડિવાઈસ કે એપ આ બધા જવાબો આપે છે. પળેપળનો ડેટા ફિટનેસ ટ્રેકર્સમાંથી મળી જાય છે.

પણ સવાલ એ છે કે આ ફિટનેસ ટ્રેકર્સ ખરેખર આપણને સાચું કહે છે ? એની ગણતરી ઉપર ભરોસો કરી શકાય ખરો ? બ્રિટિશ કન્ઝ્યુમર વૉચડૉગે લંડનની મૅરેથૉન દરમિયાન સ્માર્ટવૉચનું ટેસ્ટિંગ કર્યું હતું. પહેરી શકાય એવા ફિટનેસ ટ્રેકર્સની કૅટેગરીના આ સંશોધનમાં જણાયું કે વિવિધ કંપનીઓની સ્માર્ટવૉચ ચાલવા-દોડવાનો જે રેકૉર્ડ બતાવે છે, તે પૂર્ણ રૂપે શ્રદ્ધેય નથી. મૅરેથૉન માટે ૪૨ કિલોમીટરનું અંતર નિયત થયું છે. બ્રિટિશ કન્ઝ્યુમર વૉચડૉગના સંશોધનમાં જાણવા મળ્યું કે વિવિધ સ્માર્ટવૉચમાં મૅરેથૉનનું અંતર અલગ અલગ હતું. આ ડિવાઈસમાં અંતર માપવા માટે જીપીએસનો ઉપયોગ થાય છે. જો જીપીએસમાં કંઈક ગરબડ સર્જાય તો ચોક્કસ માપ આવતું નથી. નેટવર્ક ન હોય ત્યારે પણ સરખું અંતર મપાતું નથી. ફિટનેસ ટ્રેકર્સ પગલાં નહીં, પરંતુ અંતરનો ડેટા પણ આપણને આપે છે. સ્ટેપ્સ કાઉન્ટ કરવાની બીજી રીત પણ છે. એમાં એક સ્ટેપ્સના આધારે ગણતરી માંડીને બંને સ્ટેપ્સનો ડેટા અપાય છે. ચાલતી વખતે જે ધબકારાનો અનુભવ થાય એની ગણતરી માંડીને અમુક સ્ટેપ્સ ટ્રેકર્સ આપણને ડેટા આપે છે.

બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટીના સંશોધનમાં પણ ફિટનેસ ટ્રેકર્સની વિશ્વસનીયતા સામે સવાલો ખડા થયા હતા. ૧૦ હજાર સ્ટેપ્સના બદલામાં સ્માર્ટવૉચનો ડેટા માત્ર ૬ હજાર સ્ટેપ્સ ચાલ્યાનો રેકૉર્ડ બતાવતો હતો. કેલરીના ડેટામાં પણ ખામી જણાતી હતી. કેટલું અંતર કાપ્યું તે બાબતે એ અભ્યાસમાં પણ ૨૦ ટકા સુધી ભૂલભરેલી ગણતરી જોવા મળી હતી. સ્માર્ટવૉચ પહેરવાને બદલે ઘણા લોકો સ્માર્ટફોનમાં ફિટનેસ એપ્સ ઈન્સ્ટોલ કરીને સ્ટેપ્સ કાઉન્ટિંગ કરતા રહે છે. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં મૅસેજિંગ એપ્સ પછી ફિટનેસ એપ્સની લોકપ્રિયતા ૧૧ ટકા વધી છે. કેટલું ચાલ્યા તે પગલાંની ગણતરી ઉપરાંત કેલરી અને ઊંઘની વિગતો સ્માર્ટવૉચ પહેર્યા વગર મળતી હોવાથી વપરાશ કરનાર તેનો અખતરો કરતા થયા છે. સ્ટેપ ટ્રેકર એપ્સ મોટાભાગે હૃદયના ધબકારા અને લોહીમાં રહેલા ઑક્સિજનને આધારે ડેટાની ગણતરી કરે છે અને હૃદયના ધબકારા માપીને બ્લડ- પ્રેશરની વિગતો આપે છે.




હવે શુગર કાઉન્ટિંગનો નવો ટ્રેન્ડ આવી રહ્યો છે. બજારમાં રજૂ થનારી નવી સ્માર્ટવૉચ બ્લડપ્રેશરની સાથે શુગર પણ માપી આપશે. આને કેટલાય ટૅક્નો-એક્સપર્ટ્સ બહુ મોટી ક્રાંતિ ગણાવી રહ્યા છે. એનાથી શુગર માપવાની પરંપરાગત પદ્ધતિ બદલાઈ જશે એમ કહીને આ નિષ્ણાતો ઉમેરે છે કે અત્યાર સુધી ગ્લૂકોમીટરની મદદથી સોય ભોંકીને લોહીના ટીપામાં શુગરની માત્રા કેટલી છે એ ચકાસવામાં આવે છે. સ્ટ્રિપ અને ગ્લૂકોમીટર થોડી સેકન્ડ પ્રોસેસ કરીને લોહીમાં શુગરનું પ્રમાણ જણાવે છે, પરંતુ જો લોહી કાઢ્યા વગર એ જાણી શકાય તો મોટી ક્રાંતિ આવશે. બ્લડપ્રેશરની જેમ શુગરનો પણ સ્માર્ટવૉચ કે સ્માર્ટરિંગની મદદથી રિયલટાઈમ ડેટા મળી શકે. અમુક કલાકોના અંતરે સતત એ ચેક કરીને શુગરના વધારા-ઘટાડા પર નજર રાખી શકાય, પણ નિષ્ણાતોની આ ધારણા વચ્ચે અમેરિકાની એજન્સી ફૂડ ઍન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને (એફડીએ) આવી સ્માર્ટવૉચ પર ભરોસો ન કરવાની ચેતવણી આપીને ચર્ચા જગાવી છે. દવાઓ કે આરોગ્યમાં વપરાતી ટૅક્નૉલૉજી માટે અમેરિકામાં આ એજન્સીની પરવાનગી લેવી ફરજિયાત છે. એ દુનિયાની સૌથી કડક એજન્સી છે અને સંપૂર્ણ ખરાઈ કર્યા વગર ગમે તેવી મોટી ફાર્મા કંપની હોય તોપણ તેમને પરવાનગી મળતી નથી. એ એજન્સીએ સ્માર્ટવૉચથી શુગર માપવાના નવા ટ્રેન્ડ સામે લાલબત્તી ધરી છે.

એજન્સીના કહેવા પ્રમાણે સ્માર્ટવૉચના ભરોસે જો શુગર પર નજર રાખવાનું વિચારતા હો, તો ઉતાવળ ન કરતા. અત્યારે જેટલી સ્માર્ટવૉચ છે એમાંથી એકેયને અમેરિકન એજન્સીએ શુગરના માપવાની પરવાનગી આપી નથી. કંપનીઓ સીધી રીતે એનો લેખિતમાં કે બૉક્સમાં દાવો નથી કરતી, પરંતુ ઘણી કંપનીઓ સ્માર્ટવૉચ વેચતી વખતે ગ્રાહકને મૌખિક રીતે જણાવવા લાગી છે કે બ્લડપ્રેશરની જેમ સ્માર્ટવૉચ શુગર પર પણ નજર રાખશે. એફડીએ માને છે કે લોહી કાઢ્યા વગર અત્યારે માત્ર શરીરના સંપર્કમાં આવવાથી શુગર વધ-ઘટનું ચોક્કસ માપ મળી શકે તેવી ટૅક્નૉલૉજી વિકસી નથી. જો સ્માર્ટવૉચના ડેટાનો આધાર લઈને ડાયાબિટીસની દવાઓ લેવામાં આવે તો શક્ય છે કે જોખમ વધી શકે. સ્માર્ટવૉચ કહે કે શુગર ઘટી ગયું એટલે ગળ્યું ખાઈને એનું સંતુલન જાળવવાની કવાયત થાય, ત્યારે શક્ય છે કે ધારણા કરતાં શુગર વધારે ઘટ્યું ન હોય તો સંતુલન ખરાબ થઈ શકે. એ જ રીતે વધારે બતાવે ત્યારે ઘટાડવા માટે દવા લેવાથી આડઅસર થઈ શકે.

એફડીએના આ દાવા પછી સ્માર્ટવૉચ મેકર્સ કંપનીઓને મોટો ફટકો પહોંચ્યો છે. એક પણ કંપનીની સ્માર્ટવૉચમાં અત્યારે શુગર માપવાનું ફીચર નથી, ઘણા ટૅક્નો-એક્સપર્ટ્સ એવી ધારણા વ્યક્ત કરતા હતા કે કદાચ આ વર્ષના અંત સુધીમાં બ્લડપ્રેશરની જેમ શુગર માપવાનું ફીચર હોય એવી સ્માર્ટવૉચ કે રિંગ ઉપલબ્ધ બની જશે. બે-ત્રણ મોટી સ્માર્ટફોન બનાવતી કંપનીઓએ કરોડોના ખર્ચે એના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે અને ટૂંક સમયમાં દુનિયાભરમાં એનું વેચાણ શરૂ કરવાની ધારણા હતી, પરંતુ અમેરિકાની આ એજન્સીએ આ સ્પષ્ટતા કરી પછી મૌખિક રીતે વેચાણ માટે દાવો કરતી કંપનીઓએ એવો દાવો બંધ કરી દેવો પડશે.

સ્માર્ટવૉચ મેકર્સ કંપનીઓ ઉપરાંત ગ્લૂકોમશીન બનાવતી ઘણી કંપનીઓનો પણ લોહી કાઢ્યા વગર શુગર માપવાનું મશીન આવ્યું હોવાનો દાવો છે. ગૂગલ સર્ચમાં શુગર ટેસ્ટિંગ મશીન કીવર્ડ્સમાં સૌથી વધુ સર્ચ શુગર ટેસ્ટિંગ મશીન વિધાઉટ બ્લડ અથવા વિધાઉટ સ્ટ્રિપ એવા કીવર્ડ્સ થાય છે અને તેનાં પરિણામો ઘણાં મશીન બતાવશે, પરંતુ એફડીએ કહે છે કે અત્યારે બ્લડના ટેસ્ટિંગ વગરની એક પણ પદ્ધતિને પરવાનગી આપી નથી.

ટૂંકમાં એપ્સ કે સ્માર્ટવૉચના આધારે બ્લડપ્રેશર પર નજર રાખીને સાવધાન રહેવું સારું છે, પરંતુ એના પર સંપૂર્ણ ભરોસો રાખી શકાય નહીં. એ વધુ વિશ્વસનીય ઉપકરણો છે તેની મદદથી ડૉક્ટર્સ જે ઓપિનિયન આપે એ વધુ વિશ્વસનીય છે. એ જ રીતે સ્માર્ટવૉચ પહેરવાથી શુગરનું પ્રમાણ જાણી શકાય એવો દાવો થાય તોપણ ચેતી જવું. ભવિષ્યમાં જ્યારે સરકારી હેલ્થ એજન્સીઓ પરીક્ષણો કરીને સત્તાવાર પરવાનગી આપે પછી જ આવાં ડિવાઈસ પર ભરોસો કરી શકાય.

**- હર્ષ મેસવાણિયા**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

માર્ચ મહિનામાં ૩ માર્ચે 'ઊંટ અને શિયાળ', ૧૭ માર્ચ 'પ્રામાણિક કઠિયારો', ૩૧ માર્ચ 'નવો રાજા... પણ કોણ ?' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૦ માર્ચે 'શેઠની ખૂલી આંખ', ૨૪ માર્ચે 'વાઘ પૂરાયો પાંજરે' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# એક ચિનગારી : કળા પાછળની કળા

રોજિંદા જીવનની એકધારી ઘટમાળમાંથી મુક્ત થઈ સાત્ત્વિક આનંદ મેળવવા માટે માનવી કળાને શરણે જાય છે. કળા ચિત્તાકર્ષક, હૃદયગમ્ય, કર્ણપ્રિય, દર્શનીય, ફિલસૂફીથી ભરી ભરી અને ચિરસ્મરણીય હોય છે. વૈવિધ્યપૂર્ણ - પ્રાચીન કાળથી ચાલી આવતી કળા આધુનિક-અત્યાધુનિક કાળમાં પણ એટલી જ પ્રસ્તુત છે. તો શું કળા પાછળની કોઈ કળા હોય છે ખરી ? અલબત્ત, હા ! કળાની આગળ, પાછળ, સાથે, માથે, હેઠે - ચોમેર કળા દેખાય ત્યારે બુદ્ધિશાળી મનુષ્ય એના હેતુ વિશે વિચાર કરતો થઈ જાય. અનાયાસે એકાદ કળા-પ્રકલ્પને પાર પાડવામાં અન્ય કળા એમાં સહજ ભળી જાય ત્યારે એ કળાસંગમમાંથી અનેરી આભા પ્રગટે. વલોણામાંથી નવલાં નવનીત નીસરે અને બે સધ્ધર વિચારોમાંથી એક અખંડ કૃતિ નીપજે. પોરબંદરમાં આવું જ કંઈક બન્યું!

યોગાનુયોગે અત્યારે ભારતીય પ્રાચીન ગુરુકુળ પરંપરાનું સ્મરણ થાય છે. એ પ્રાચીન સંસ્કૃતિએ દેશના ચરણે અનેક રત્નો ભેટ ધર્યાં છે. આદર્શ ગુરુકુળમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય. રાય હોય કે રંક - દરેકને સમૂહજીવનની ટેવ પડે. ભારતના આધ્યાત્મિક ગુરુઓમાંના એક ગુજરાતના પૂજ્ય રમેશભાઈ ઓઝા - ભાઈશ્રીએ સોલા ભાગવત વિદ્યાપીઠ ગુરુકુળના આર્ષદ્રષ્ટા, ઋષિતુલ્ય પૂજ્ય દાદા કૃષ્ણશંકર શાસ્ત્રીજીની અમીદૃષ્ટિ અને એમના માર્ગદર્શનના સિદ્ધાંતોને શિરે ચડાવીને પોરબંદરથી માત્ર પાંચ જ કિમી. દૂર એક અદ્યતન ‘સાંદીપનિ વિદ્યાનિકેતન’ ગુરુકુળની સ્થાપનાનું લોકાર્પણ ૨૦૦૬માં કર્યું. ઋષિ સાંદીપનિ, શ્રીકૃષ્ણ, સુદામા, કસ્તૂરબા અને ગાંધીજીની ચરણરજ આ ભૂમિમાં પડી હતી તેના પ્રતાપે જ અર્વાચીન સમયમાં આવું કૌતુક સર્જાયું. ગુરુકુળ ઉપરાંત‘શ્રી હરિમંદિર’ એની નાગરશૈલીની સ્થાપત્યકળા અને વિશાળતાને કારણે ખ્યાતિ અને લોકચાહના પામ્યું છે. આદર્શ શિક્ષણ પણ કળાનું પડખું સેવે છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કળાસૌંદર્ય અને સૌંદર્યકળા સમાંતરે જુગતે જોડી જમાવે છે અહીં !

‘જ્ઞાનાર્થ પ્રવેશ : સેવાર્થ પ્રસ્થાન’ આદર્શ સાથે સૌ કોઈ અહીં પ્રવૃત્ત છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન સંગ શ્રી રાધાકૃષ્ણ, જાનકીવલ્લભ, ચન્યમૌલેશ્વર, ગણેશ, હનુમાનજી અને વેદ વારસાની બેઠકો છે. મંદિરમાં શિલ્પ અને કળાની મંદિરશૈલીની ત્રણ  અલગ અલગ તરાહો છે. દક્ષિણી, વરસારા(મિશ્રિત) અને નાગર - જે દક્ષિણ અને ઉત્તર ભારતને અલગ અલગ તથા મિશ્ર રૂપે શોભાયમાન કરે છે. આ નાગરશૈલીનું મંદિર ૬૬ સ્તંભો ઉપર ઊભું છે જે ૧૦૫ ફૂટ લાંબું છે. અદ્‌ભુત સ્થાપત્ય અને નકશીદાર ગુંબજોથી તે ઘેરાયેલું છે. ગર્ભગૃહ સમક્ષનો ચોક (મંડપ) શ્વેત આરસને કારણે ઠંડકનો અહેસાસ કરાવે છે. દેવસ્થળ, કળા અને વિવિધ રંગોના વિનિયોગથી તેનાં માન, સન્માન અને સુંદરતા જળવાયાં છે. પાયા અને પથ્થરના કામની દૃષ્ટિએ મંદિર બે અલગ અલગ ખંડોમાં બનાવાયું છે. ગર્ભગૃહની




જમીનમાં પોરબંદરનો જ ચૂનાનો પથ્થર અને ધ્રાંગધ્રાનો ધ્રાંગધ્રા પથ્થર પાયામાં છે. ૭૫,૦૦૦ ક્યૂબિક ફૂટથી પણ વધુ તે લંબચોરસ પ્રકાર-આકારનો પાયો હિંદુ વાસ્તુકળા અને વિજ્ઞાનના નિર્દેશ અનુસાર રચાયો છે. કાચા પથ્થરો અહીં આણ્યા પછી નકશી-કલાકારોએ તેમની કમાલ અહીં જ દર્શાવી. મંદિર સન્મુખ ઊભા રહીએ તો સીડીઓ બે વિભાગમાં જણાય - જેમાં વચ્ચે મોટો મંચ(મંડપ) પણ ખરો. પગથિયાં લંબચોરસ અને આડા પટે દેખાય. મંદિરના મહેરાબ (કમાન), દ્વારો અને શિખર આશ્ચર્યજનક નઝારો ઊભો કરે. પ્રવેશદ્વારોએ કમળ, વિવર(કાણાં) અને કીર્તિમુખનાં પ્રતીકો દેખાય. શૃંગાર ચોકીનું રૂપકામ ઓડિશાના કલાકારોએ ઝીણવટથી નકશી અને કોતરણીસહ કર્યું છે.

આ શ્વેત મંદિરની અંદરના સ્તંભો પર વિવિધ દેવી-દેવતાઓનાં શિલ્પોની માંડણી છે. પાંચ શિખરો, પાંચ છત્રીઓ, મુખ્ય ઘુમ્મટ, તેના ઝરૂખા, નાના-મોટા ગોખલા, વિશાળ દ્વારો અને પ્રદક્ષિણાપથ તથા સ્તંભોને જોડતાં તોરણો પરનાં નકશીકામ રસિકોને સહજ આકર્ષે. કળશ અને આસોપાલવનાં પાંદડાં શુભ-લાભ અને માંગલ્ય ભાવનાને ઉજાગર કરે. ઊર્ધ્વ શિખર રેખાઓ અને મૈત્રક કાલીન ચંદ્રશાલાનાં શિલ્પો પ્રાચીન મંદિરકળાને તાદૃશ કરે. અંદરની દીવાલો અને બાહરી સ્તંભો પર હાથીથર, વ્યાલ જેવા જીવોનું અંકન તથા યક્ષી, અપ્સરા આદિ નારીઓના હાથમાં વીણા, અરીસા સહ સુંદર અંગભંગિમામાં નજરે ચડે. નૃત્યમુદ્રા, વિચારાધીન મુદ્રા, સંવાદ ભાવ ઉત્કૃષ્ટ છે. રાજપૂતશૈલીની છત્રીઓ અને અલંકૃત શિલ્પ રિલીફ કળામાં પૌરાણિક પાત્રોના જીવનપ્રસંગો શોભે. હિંડોલક પ્રકારનાં તોરણોની નાજુકાઈ તોરણ પરંપરાની છડી પોકારે. મુખ્ય પ્રવેશદ્વારની મધ્યસ્થ કમાન પર વીણાવાદિની સાક્ષાત્ સરસ્વતી દેવી અડખેપડખે બબ્બે હાથીઓના સાથથી ૮૫ એકરના પરિસર ઉપર સંગીત અને શિક્ષણ થકી શુભાશિષ વરસાવે ત્યારે પ્રાચીન ભારતીય મંદિર પરંપરાના અત્યાધુનિક અવતારને અને તેની પાછળની પ્રેરણાને અને કળાભાવનાને નમન કરવાનું મન પ્રત્યેક ભાવકને થાય. પૂજ્ય ભાઈશ્રીના મતે 'સાંદીપનિ' નામ જ સુદામા જેવા અકિંચન, જ્ઞાનપિપાસુ, શુદ્ધ હૃદયના અને ઉત્તમ ચારિત્ર્યવાળા શિષ્યો તરફ ઈશારો કરે છે.

**સુધા ભટ્ટ**

# કમલની કર્મઠતાની કમાલ



કમલ કુંભાર

ભારતના રાષ્ટ્રપતિભવનમાં સન્માનનીય રાષ્ટ્રપતિના હાથે સન્માન પામવાનું ઘણા ભારતીયો સ્વપ્ન સેવતા હોય છે. સવા અબજથી પણ વધુ વસ્તી ધરાવનારા આ દેશમાં બહુ ઓછા લોકોને આ સિદ્ધિ મળે છે અને એમાંય ઓછું ભણેલા કે નાના ગામમાંથી આવતી વ્યક્તિઓને જ્યારે આવું સન્માન મળતું જોઈએ, ત્યારે આપણા આનંદનો પાર રહેતો નથી. આવું એક નામ છે કમલ કુંભાર. આજથી ૪૨ વર્ષ પહેલાં એનો જન્મ મહારાષ્ટ્રના મરાઠાવાડના ઉસ્માનાબાદમાં હિંગલવાડી ગામમાં થયો. પિતા પાસે કોઈ સ્થાયી નોકરી નહોતી. રોજેરોજ છૂટક મજૂરી કરીને પેટિયું રળતા હતા. આ એવો વિસ્તાર છે કે જ્યાં વારંવાર દુષ્કાળ પડે અને તેને કારણે ઘણા ખેડૂતો આત્મહત્યા પણ કરે છે. આવી પરિસ્થિતિમાં દરરોજ મજૂરી કરીને જીવન ગુજારતા કુટુંબની આર્થિક સ્થિતિ કેવી હશે તે સમજી શકાય તેવી વાત છે. આવી સ્થિતિ માત્ર કમલના કુટુંબની જ હતી એવું નહોતું. આસપાસના વિસ્તારમાં પણ જો કોઈને ત્રણ ટંક ભોજન મળે તો તે ભાગ્યશાળી ગણાય. આવા વાતાવરણમાં બાળકોને અભ્યાસ કરાવવાની તો ક્યાં વાત રહી ?

ગરીબાઈમાં જીવતાં માતા-પિતાની એવી ઇચ્છા રહેતી કે પોતાની પુત્રીનાં લગ્ન એવા ઘરમાં થાય કે જ્યાં બે ટંક સારું ભોજન મળે, પરંતુ કમલ કુંભારના નસીબમાં તો એ સુખ પણ નહોતું. માતા-પિતાએ હોંશથી કમલનાં લગ્ન તો લીધાં, પરંતુ એનું લગ્નજીવન લાંબું ટક્યું નહીં અને કમલ પિયરમાં પાછી આવી. એમાં કમલનો કોઈ વાંક નહોતો. એક બાજુ નિષ્ફળ લગ્નજીવનનો આઘાત હતો, તો બીજી બાજુ સમાજનાં મહેણાં-ટોણાં સહેવાં પડતાં હતાં. એણે વિચાર્યું કે આર્થિક રીતે પગભર થયા વિના જીવનની મુશ્કેલીઓનો અંત નહીં આવે, પરંતુ એની પાસે કોઈ એવી ડિગ્રી પણ નહોતી કે તે નોકરી કરી શકે. ક્યાંય મજૂરીનું કામ પણ મળતું નહોતું. છેવટે એણે પાંચસો રૂપિયાની મૂડી સાથે બંગડીઓ વેચવાનું શરૂ કર્યું. એના બંગડી વેચવાના વ્યવસાયને નિમિત્તે ઘણી સ્ત્રીઓને મળવાનું થયું, ત્યારે એને સમજાયું કે સ્ત્રીઓ આર્થિક રીતે કેટલી બધી પરાવલંબી હોય છે ! કેટલીક સ્ત્રીઓની પરિસ્થિતિ જોઈને એનું દિલ દ્રવી ઊઠતું. એને સતત એમ થતું કે એને કેવી રીતે મદદ કરી શકાય ! કમલ પાસે ન કોઈ પૈસા હતા કે ન તો અનુભવ, પરંતુ જીવનસંઘર્ષે એને ઘણું શીખવ્યું હતું.

કમલ કુંભાર બંગડીઓ વેચતી અને એમાંથી થોડી બચત કરતી હતી. ૧૯૯૮માં એણે પોતાની બચતમાં થોડા ઉધાર પૈસા લઈને બે હજાર રૂપિયામાંથી કમલ પૉલ્ટ્રી અને એકતા પ્રોડ્યુસર કંપનીની શરૂઆત કરી, જે આજે મહિને એક લાખ રૂપિયાનું વેચાણ કરી રહી છે. ધીરે ધીરે એમાં સ્ત્રીઓને જોડતી ગઈ. એ પછીના વર્ષે એણે 'સંત ગોરોબા કાકા સખી સ્વયં સહાયતા સમૂહ'ની શરૂઆત કરી. કમલના નેતૃત્વમાં સ્ત્રીઓ કામ કરવા લાગી અને એટલું સમજવા લાગી કે નસીબને કે કોઈ વ્યક્તિને દોષ દેવાને બદલે પુરુષાર્થથી જીવન બદલી શકાય છે. સ્વયં સહાયતા સમૂહની પહેલા દિવસની બચત માત્ર વીસ રૂપિયા હતી, પરંતુ ધીમે ધીમે બચતમાં વધારો થતો ગયો. કામ કામને શીખવે એ ન્યાયે કમલ કુંભાર આગળ વધતી ગઈ. હવે એનું લક્ષ્ય આસપાસનાં ગામડાંઓની સ્ત્રીઓને પણ આમાં જોડીને સ્વયં સહાયતા સમૂહોનો એક મહાસંઘ બનાવવાનું હતું, જેથી વધુમાં વધુ સ્ત્રીઓ આ આર્થિક ઉત્થાનના પ્રયાસમાં જોડાય અને એમનું જીવનધોરણ પણ સુધરે. કમલ આટલેથી અટકી નહીં, એણે આશા કાર્યકર્તા તરીકેનું શિક્ષણ પણ મેળવ્યું, જેથી તે ગામની પ્રત્યેક ગરીબ મહિલા અને બાળકોના સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ લાવી શકે.

આનો એક લાભ એ થયો કે કમલને હવે એ ખ્યાલ આવવા લાગ્યો કે ગ્રામીણ વિકાસ માટે શરૂ થયેલા સરકારી કાર્યક્રમો કે સરકારી યોજનાઓ સાથે સ્ત્રીઓને કેવી રીતે જોડવી કે જેથી એમના જીવનધોરણમાં સુધારો થાય. એણે ઘણી મહિલાઓને વીજળી વિભાગમાં કામ અપાવ્યું. એમના વિસ્તારમાં અક્ષય ઊર્જાની યોજના આવી તો કમલે ઊર્જા વિશેષજ્ઞની તાલીમ લીધી. એની નિષ્ઠા અને કર્મઠતાને કારણે લોકોનો એનામાં વિશ્વાસ વધવા લાગ્યો. એની વાતનો વિરોધ કર્યા વિના લોકો સમજતા થયા. પરિણામે ત્રણ હજાર ઘરોમાં સોલર લૅમ્પ લાગ્યા. વિમેન ઇન ક્લીન એનર્જી પ્રોગ્રામ અંતર્ગત મહારાષ્ટ્ર અને બિહારની ૧૧૦૦ મહિલાઓને તાલીમ અપાવી. કમલના અથાક પરિશ્રમે એને 'સુપર સખી' તરીકેની નિયુક્તિ અપાવી; એટલું જ નહીં, તેને પોતાના અનુભવોની વાત કરવા માટે ઇન્ડોનેશિયાએ આમંત્રિત કરી.

ઈ. સ. ૨૦૧૨થી ૨૦૧૫ દરમિયાન ઉસ્માનાબાદ જિલ્લામાં ભીષણ દુષ્કાળ પડ્યો, ત્યારે કમલે થોડી જમીન ભાડા પર લઈને બકરીપાલનનું કામ શરૂ કર્યું. પૉલ્ટ્રી ફાર્મમાં એને સારી આવક થઈ રહી હતી. એમાં બકરીપાલનનો ઉમેરો કર્યો. પહેલાં તો અહીંનો ગ્રામીણ સમાજ માત્ર ખેતી પર નિર્ભર હતો, પરંતુ કમલની સફળતાથી પ્રેરાઈને ઘણા લોકોએ આવાં કામ શરૂ કર્યાં અને આવકનાં અન્ય સાધનો ઊભાં કર્યાં. યુએનડીપી અને નીતિ આયોગ દ્વારા ૨૦૧૭નો વિમેન ટ્રાન્સફૉર્મિંગ ઇન્ડિયા ઍવૉર્ડ પ્રણવ મુખર્જીના હસ્તે, સી.આઈ.આઈ. ફાઉન્ડેશન દ્વારા માઇક્રો એન્ટરપ્રાઇઝ માટે વુમન એક્સેમ્પ્લર ઍવૉર્ડ અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે નારીશક્તિ પુરસ્કાર મેળવ્યો. એનાં સંગઠનો અને સંસ્થાઓ સાથે આશરે પાંચ હજાર સ્ત્રીઓ જોડાયેલી છે અને તેને પગભર બનાવવામાં મદદ કરી રહી છે. કમલ કુંભાર જુદા જુદા છ વ્યવસાય કરીને 'સિરિયલ આંત્રપ્રેન્યોર'ની રોલ મૉડલ બની છે.**કમલ કુંભાર**

**– પ્રીતિ શાહ**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



### (૪૯) શ્રી અનિલ રેલિયા :

અસ્મિતા વિશેષ સંવાદમાં આપણે એક વિશિષ્ટ કલા-સમીક્ષક અને ચિત્રો-ગ્રાફિક્સના ખજાનાને સાચવીને બેઠેલા એક વ્યક્તિવિશેષને મળીએ. તેઓનો અતૂટ નાતો વિશ્વના ખ્યાતિપ્રાપ્ત અને ફકીરીમાં જીવનાર ચિત્રકાર શ્રી એમ. એફ. હુસેન સાથે રહ્યો, તો ભારતના ટોચના ગ્રાફિક આર્ટિસ્ટ્સ સાથે તેઓ આજે પણ કાર્ય કરી રહ્યા છે. અમદાવાદના એક આધુનિક ખૂણામાં પોતાની સમૃદ્ધ આર્ટ ગૅલરી સાથે નિજાનંદમાં રહેતા આ કલાકાર છે શ્રી અનિલ રેલિયા. તેઓ કઈ રીતે આ વિશિષ્ટ માર્ગે વળ્યા તેની કહાની સાંભળીએ :

મારા પાડોશીઓમાં કાપડના હોલસેલ વેપારીઓ હતા, જે લોકોને ત્યાં બહારગામથી પાર્સલ આવે તે ગાંસડીઓ ઉપર લેબલ હોય. મને એ લેબલ બહુ આકર્ષિત કરતાં. એકાદ વખત મેં એ લેબલ કાઢી લીધાં, તો વઢ પણ પડી હતી કે, ‘એમાં કયો માલ છે એના માટે લેબલ હોય છે, તારે લેબલ કાઢવાં હોય તો બધો માલ ખાલી થઈ જાય પછી કંતાન પડ્યાં હોય એના પરથી લઈ લેવાનાં, પણ પહેલાં કાઢવાં નહીં.’ પછી તો મજા પડી ગઈ. એ લોકો જ્યારે બધો માલ રાત્રે કાઢી લે પછી દુકાન આઠ-સાડાઆઠે બંધ થઈ જાય પછી દુકાનના માણસો એ બધો સ્ટૉક રૅકમાં ગોઠવી દે. પછી હું સવારે ભીનાં કપડાં લઈને જાઉં અને એના ઉપર મૂકું ને ઉખાડું અને પછી સ્કૂલ-નોટબુકમાં રાખતો. એવાં લેબલો મેં ભેગાં કર્યાં.

બીજી વસ્તુ, એ સમયમાં ટિકિટસંગ્રહનો શોખ. એ રીતે મને મેચ બૉક્સનાં ઉપરનાં રેપરો ભેગાં કરવાનો શોખ, કારણ કે એમાં જુદી જુદી છાપો આવે ! સામાન્ય રીતે અમુક જ બ્રાન્ડ વેચાતી હોય એ મળે પણ મારું ઘર રેલવેલાઇનની બાજુમાં તો ફરવા માટે અમે રેલવેલાઈન પર જતા, તો જુદી જુદી ન જોયેલી એવી પરી છાપ હોય કે રૉકેટ છાપ હોય કે એવા જુદા પ્રકારની બધી છાપો મળે. એ છાપો લઈને સ્કૂલે જતો અને બતાવતો એટલે મારો એમાં વટ પડતો. લોકો ખુશ થતા કે, તું તો જુદું જ લઈને આવ્યો. સામાન્ય રીતે સૂરતમાં વપરાતા માચિસબૉક્સ કરતાં જુદા જ પ્રકારનું હોય. તેથી મારાં વખાણ થાય એથી મને આનંદ થાય. ટેક્સટાઈલના લેબલની વાત કરું તો

આજે પણ મારા સંગ્રહમાં સ્કૂલના દિવસોમાં ભેગાં કરેલાં લેબલ છે અને એ સહજતાથી સાચવી શકાયાં છે.

હું વડોદરા ફાઇન આર્ટ્સમાં ભણવા ગયો, એ પણ આકસ્મિક રીતે જ બન્યું. હું જ્યારે દસમા ધોરણમાં હતો, ત્યાં સુધી તો મને પણ આની ખબર નહોતી. મને એવા શિક્ષક પણ ના મળ્યા કે જે મને માર્ગદર્શન આપે કે આવી ફાઇન આર્ટને લગતી કોઈ કૉલેજો હોય કે જેમાં કલા શીખી શકો. મને પણ એવી ખબર ન હતી કે સરકસનાં કે ફિલ્મોનાં ચિત્રો દોરનારા તે બધા નિરક્ષર હતા. એ બધા પોતે પોતાની રીતે કામ કરતા. પણ પિતાજીની એવી ઇચ્છા કે ડિગ્રી તો જોઈએ જ. પણ મારા માટે એ અશક્ય હતું. મારા માટે ફાઇન આર્ટ્સની વાત કરી હતી, પણ હજુ તો હું દસમામાં હતો એટલે કશો નિર્ણય લેવાયો ન હતો. મને એમ હતું કે જેમ આગળ જશું એમ બધું થશે. પણ દસમાના વૅકેશનમાં પ્રસંગ એવો બન્યો કે મારા ભાઈ જે ડૉક્ટર બન્યા હતા એમને મળવા માટે એક મિત્ર કે જે અત્યારે ઑસ્ટ્રેલિયા રહે છે, એ વખતે એ આફ્રિકા રહેતા હતા, એમને મળવા એમનો બીજો મિત્ર વડોદરાથી આવ્યો, જે વડોદરામાં આર્કિટેક હતો. તો એણે મારા ઘરની દીવાલો ઉપર લાગેલાં ચિત્ર અને ફ્રેમમાં મૂકેલાં મારાં ડ્રૉઇંગ હતાં એ જોયાં. એણે બહુ સહજતાથી ભાઈને પૂછ્યું, ‘આ બધું કોનું છે ?’ તો કહે, ‘મારો ભાઈ કશું નથી કરતો, બસ આવું જ કરે છે.’ એમણે આવી રીતે મારો પરિચય કરાવ્યો, તો કહે, ‘એને ફાઇન આર્ટમાં મૂકો ને.’ તો ભાઈ કહે, ‘એ શું છે ?’ તો એ કહે, ‘આવી કૉલેજ વડોદરામાં છે.’ મારા સુધી વાત આવી એટલે મેં કહ્યું, ‘મારે જાણવું પડશે.’ એટલે પ્રોસ્પેક્ટ્સ મગાવ્યું અને એ આવ્યું ને મારા જીવનનો રાહ બદલાઈ ગયો.

મેં જ્યારે જોયું ત્યારે એમાં ક્લે મૉડલિંગ, વૂડકાર્ટ, પ્રિન્ટ મેકિંગ, ડ્રૉઇંગ-ડિઝાઇન આવા જ વિષયો. આપણા સાયન્સ, જિયોગ્રાફી એવા એક પણ વિષય નહીં. મને થયું કે આવી પણ કૉલેજ હોય છે ખરી ! મારા માટે આશ્ચર્યની વાત હતી. મેં કહ્યું કે, ‘મારે આમાં જ ભણવું છે, બસ ત્યાંથી મારી વાત શરૂ થઈ. એમાં એમ કહેવાયું હતું કે, તમારે એમાં ભણવું હોય તો તમારી પાસે SSCમાં (અગિયારમા ધોરણમાં) તમારે ડ્રૉઇંગ વિષય તરીકે લેવો પડે. મેં એ પણ લીધો.

આનંદની વાત એ હતી કે એમાં એડમિશન લેવા માટે તમારે માર્ક્સથી કોઈ મતલબ નહોતો. કેટલા ટકા છે એનાથી મતલબ નહોતો પણ ત્યાં પાંચ વિષયોમાં ઍપ્ટિટ્યૂડ ટેસ્ટ લેવામાં આવે એમાં ક્લે મૉડલિંગ, ડ્રૉઇંગ અને ડિઝાઇન એ રીતની પ્રૅક્ટિકલ પરીક્ષાઓ લેવાતી એનાથી તમારી આંગળીઓની, તમારી દૃષ્ટિની ચપળતા શું છે, એનો ખ્યાલ આવે. એક લેખિત પરીક્ષા કે જેને ડિગ્રી લેવી છે એના માટે હોય છે. મારે ડિગ્રી જ લેવાની હતી એટલે મેં ડિગ્રીમાં જ ફૉર્મ ભર્યું હતું, અને જ્યારે ઍપ્ટિટ્યૂડ ટેસ્ટમાં હું ગયો તો પેલાં ચાર પેપર તો સરસ રીતે મેં આપ્યાં, પણ જ્યારે ડિગ્રી માટેનું લેખિત પેપર આપવાની વાત આવી તો મેં સવાલો વાંચ્યા અને સમજ પણ પડી, પણ હું ઇંગ્લિશમાં લખી શકું એમ ન હતો, કારણ કે મારું ઇંગ્લિશ બહુ જ કાચું હતું. તો મેં પહેલાં તો ગુજરાતીમાં લખવાનું શરૂ કર્યું, પણ તરત મને કહેવામાં આવ્યું કે આવું તો

નહીં ચાલે. મેં કહ્યું, 'મને આવડે છે, પણ હું લખી નથી શકતો.' તરત જવાબ મળ્યો કે હિન્દી આવડે તો હિન્દીમાં લખો. એટલે મેં હિન્દીમાં લખ્યું. પછી જ્યારે ઈન્ટરવ્યૂ લેવાયો ત્યારે મારી આગળ આ જ પ્રશ્ન આવ્યો કે, 'તમારે ડિગ્રી લેવી છે તો તમને અંગ્રેજી આવડવું જોઈએ.' તો મેં કહ્યું, 'મને જેટલું આર્ટ માટેનું જરૂરી હશે એટલું તો હું શીખી લઈશ, પણ મારે ચોક્કસ આમાં રહેવું છે' અને મને એડમિશન મળી ગયું. જેવું એડમિશન મળ્યું એવી મારી આખી નવી દુનિયા ખૂલી ગઈ.



**(૫૦) શ્રી ગીત સેઠી :**

અસ્મિતા વિશેષ સંવાદની અર્ધી સદીની યાત્રામાં આપણને સ્પૉર્ટ્સ ક્ષેત્રમાં એક વિશ્વવિજેતા બનનાર શ્રી ગીત સેઠી સાથે અદ્ભુત સંવાદ કરવાનો લ્હાવો મળ્યો છે. બિલિયર્ડ જુનિયર્સના ચૅમ્પિયન અને નેવુંના દશકના વર્લ્ડ ચૅમ્પિયન શ્રી ગીત સેઠી સાથેનો સંવાદ આજના અને આવતીકાલના યુવાનો માટે પ્રેરણાના ઝરણા જેવો બની રહ્યો. આવો, તેમની વાતો જાણીએ.

શ્રી ગીત સેઠી ઊછર્યા રેલવેક્વાર્ટર્સના પરિસરમાં, જ્યાં સ્પૉર્ટ્સની સુંદર સગવડો હોય. તેઓએ ઈન્ડૉર ગેઈમ્સના બંધ ઓરડાઓમાં ઘણું દૂરનું જોયા કર્યું અને વિચાર્યા કર્યું, તેમાં તેઓને બિલિયર્ડનો ખંડ અને તેની નાની કાચની બારી ખૂબ આકર્ષી ગઈ.

એ સમયે અઢાર વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિને એ ખંડમાં પ્રવેશ પર પ્રતિબંધ હતો. ગીત સેઠી દૂરથી એ રમતને કાચની આરપાર નિહાળતા હતા અને પોતાની આરપાર ઉતારતા હતા. તેઓને ઈચ્છા તો બહુ થતી કે બિલિયર્ડની દાંડી પકડીને રંગ રંગના દડાઓને હળવો ધક્કો લગાવું, પણ એ શક્ય ન હતું.

ભાગ્યએ અચાનક કરવટ બદલી અને સરકારે પરિપત્ર બહાર પાડીને રાજ્યોને અને બધી ક્લબોને કહ્યું કે, તરુણોને પણ બિલિયર્ડ શીખવો, જેથી કરીને તેઓ યુવાન થાય ત્યારે વિશ્વના ખેલાડીઓ સાથે રમી શકે અને આપણા દેશનું નામ રોશન કરી શકે. ગીત સેઠી નામધારી છોકરાને તો દોડવું હતું અને ઢાળ મળ્યો. હવે તે વિધિવત્ બિલિયર્ડખંડમાં પ્રવેશ્યો અને રમવા લાગ્યો. દૂરથી નિહાળેલી રમત તેનું કૌશલ્ય બની ગયું અને તે ઉંમરે એ જુનિયર્સની સ્પર્ધામાં બે વખત નૅશનલ ચૅમ્પિયન બની ગયા ! પિતાશ્રીએ ભણવા માટે આગ્રહ તો કર્યો હતો અને એટલે જ એસએસસી વખતે ત્રણ મહિના બિલિયર્ડને વીંટો વાળી એક બાજુ મુકાવીને પરીક્ષાની તૈયારી પણ કરવી પડી. અગિયાર ધોરણ અને બારમા ધોરણમાં પિતાશ્રીએ સાયન્સ લેવાનો આગ્રહ કર્યો, તો ગીતે તેમ કર્યું અને સાથે સાથે રમતમાં આગળ વધતો રહ્યો. પરંતુ આ બે વર્ષ દરમિયાન ગીતની એકાગ્રતા રમતમાં વધારે છે તેવું પામી જનાર પિતાશ્રીએ એકદમ સહજતાથી કહ્યું કે, 'હવે આર્ટ્સ રાખીને ડિગ્રી મેળવી લેવી પણ રમતમાં આગળ વધવું.' →

## વિશ્વકોશે શરૂ કરેલી એક નવી પહેલ

# યુવા-વિશ્વ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ નિયમિત રીતે વિવિધ વ્યાખ્યાનશ્રેણી અને ઍવૉર્ડ અર્પણ સમારોહનું આયોજન કરે છે. દર રવિવારે બાળકો માટે એક બાળવાર્તા અને બાળગીત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર અપલૉડ કરી દેવામાં આવે છે. અમારા મોટા ભાગના કાર્યક્રમમાં સિનિયર સિટીઝનની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળતી હોય છે. એટલે વિશ્વકોશે એક નવી પહેલ શરૂ કરી છે - યુવા-વિશ્વ. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ને શનિવારે સાંજે ૫:૩૦ કલાકે જાણીતા યુવા લેખક, કવિ, વક્તા, પ્રવક્તા અને કલામર્મજ્ઞ પ્રા. નિસર્ગ આહીર સાથે એક રસપ્રદ પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિસર્ગ આહીરે તેમના બાળપણથી માંડી અદ્યાપિપર્યંત અને તેમનું ભાવિ આયોજન શું છે તે વિશે પ્રા. અશ્વિન આણદાણીએ પૂછેલા પ્રશ્નોના સરસ જવાબ આપી સૌને ધન્ય કરી દીધા હતા. આ યુવા-વિશ્વ કાર્યક્રમમાં સાહિત્ય, કલા, ફિલ્મ, સંગીત, અભિનય - એમ કોઈ પણ ક્ષેત્રે કોઈ યુવક કે યુવતીનું માતબર પ્રદાન હોય તેમની સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી તેના જીવન અને કવનમાંથી અન્ય યુવાનો પ્રેરણા લે એવો વાર્તાલાપ કરવાની યોજના છે. આશા છે આપ અમારી આ નવી પહેલને આવકારશો અને તેમાં વધુ ને વધુ જોડાશો.

---

←

પિતાશ્રીના આ હૃદયપરિવર્તનને ગીત સેઠી બહુ જ આદરપૂર્વક પ્રણમે છે. ૧૯૭૩-૭૪ થી શરૂ થયેલ આ રમતે મક્કમ ગતિથી ગીતને સફળતા અપાવી, પણ ૧૯૮૯-૯૦ માં તેમને સેટબૅક લાગ્યો અને ગીત રમતમાંથી બહાર ફેંકાઈ જાય એટલી હદે પાછળ પડી ગયા..!!

શ્રી ગીત સેઠીએ પોતાના કોચ કે ગુરુને શોધીને પોતાની પાયાની ભૂલ અંગે ખોજ કરી. શ્રી ગીત સેઠી કહે છે કે, 'મને પહેલી વાર ખબર પડી કે, મારી રમવાની ટૅક્નિક સાવ ખોટી છે. મારા આત્મવિશ્વાસથી રમતો ને વિજય મેળવતો.' તેનો અહમ્ એને એની ટૅક્નિકને સાચા માર્ગે વાળવા દેતો ન હતો. કોચે ધ્યાન દોર્યું ને સાચી ટૅક્નિક શીખવી; પછી શ્રી ગીત સેઠીએ પોતાની જાતને ત્રણ વર્ષ માટે સ્પૉર્ટ્સ ક્લબના ખંડમાં બંધ કરી દીધી અને સતત મહેનત કરી સાચી ટૅક્નિક શીખ્યા. આ ઉગ્ર સાધનાનું ફળ પણ ઉત્તમ મળે છે. ત્રણ વર્ષ પછી ફરી તેઓ ટુર્નામેન્ટ રમે છે અને છેલ્લાં ત્રણ વર્ષથી વર્લ્ડ ચૅમ્પિયન બની રહેલ માઇકલ ફરેરાને નૅશનલ ચૅમ્પિયનશિપમાં હરાવે છે અને રેકૉર્ડ બ્રેક સ્કોર કરે છે, જે આજે છેલ્લાં પચાસ વર્ષનો ઉચ્ચતમ સ્કોર રહેલ છે.

જ્યારે અચાનક રમતમાં પરાજય પર પરાજય મળવા લાગે છે, ત્યારે ગીત સેઠી હચમચી ઊઠે છે ... જોકે, આ વખતે પણ નાસીપાસ થવાને બદલે કે ડિપ્રેશનમાં આવી જવાને બદલે ગીત તેનો પડકારરૂપ સામનો કરે છે, તે તબક્કાની તેઓની સ્થિતિ વિશે તો આપણે આ સંવાદ નિહાળીશું ત્યારે જ ખ્યાલ આવશે.

**– ભદ્રાયુ વછરાજાની**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૩ માર્ચ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી અનિલ રેલિયા (સમયમર્યાદા : ૧ કલાક, ૫૦ મિનિટ)

◈ **૨૭ માર્ચ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ગીત સેઠી (સમયમર્યાદા : ૧ કલાક, ૩૫ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૯ માર્ચ, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : અંતઃસ્રોતા (ચુનીલાલ મડિયા) ટૂંકી વાર્તાનો આસ્વાદ
(ભાષાકર્મના પરિપ્રેક્ષ્યમાં)
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૩ માર્ચ, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : અંતઃસ્રોતા (ચુનીલાલ મડિયા) ટૂંકી વાર્તાનો આસ્વાદ
(ભાષાકર્મના પરિપ્રેક્ષ્યમાં)
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ

◈ **૬ માર્ચ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ દ્વારા ગુજરાતના નાટ્યસર્જક શ્રી મધુ રાયને શ્રી ચંદ્રવદન મહેતા ઍવૉર્ડ અર્પણ થશે. નાટ્યસર્જન વિશે શ્રી મહેન્દ્રસિંહ પરમાર, અન્ય સાહિત્યસર્જન વિશે શ્રી કિરીટ દૂધાત વાત કરશે તથા શ્રી કિશોર દેસાઈ(ગુર્જરી ડાયજેસ્ટ)ની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

## વિશ્વા

◈ **૭ માર્ચ, ૨૦૨૩, ગુરુવાર : સાંજના ૪-૦૦થી ૭-૦૦**
વિષય : જ્ઞાનેશ્વરીગીતા અને કર્મયોગ
વક્તા : શ્રીમતી અરુણાબહેન જાડેજા


તથા આદરણીય સ્વ. ધીરુબહેન પટેલને સ્નેહાંજલિ તેમજ 'વિશ્વા એકાંકી સ્પર્ધા'ની વિજેતા બહેનોને પુરસ્કાર-અર્પણવિધિ.



મહાજન પરંપરા વિશે વક્તવ્ય આપતાં શ્રી ગૌરવ શેઠ તથા ભારતીબહેન મહેતા, કુમારપાળ દેસાઈ, હેમંત બ્રોકર અને નલિની દેસાઈ



‘દૃષ્ટિ, સૃષ્ટિ અને સંવેદના : વિશ્વપ્રવાસના મારા અનુભવો’ વિશે ભારતી રાણે



માતૃભાષા વિશે વક્તવ્ય આપતા રતિલાલ બોરીસાગર

માતૃભાષાદિવસ નિમિત્તે ગુજરાતી કાવ્યવૈભવ પ્રસ્તુત કરતા અમર ભટ્ટ અને સાથીઓ



દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની પ્રવૃત્તિ અંતર્ગત

## હવે ગુજરાતીલેક્સિકન પણ

◈ ગુજરાતી ભાષાના ૪૫ લાખ કરતાં વધુ શબ્દો ધરાવતી વેબસાઇટ ગુજરાતીલેક્સિકન.કૉમ ઉપર તમે અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી, ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ ઉપરાંત ગુજરાતી વિરુદ્ધાર્થ શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતો, શબ્દસમૂહ માટે એક શબ્દ, પર્યાયવાચી શબ્દો જેવી વિગતો મેળવી શકો છો.

◈ ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ વિભાગમાં તમે સાર્થ, બૃહદ અને ભગવદ્ગોમંડલના શબ્દો પણ માણી શકો છો. દૈનિક પાંચ હજારથી વધુ મુલાકાત ધરાવતી આ વેબસાઇટ આજે ભારત ઉપરાંત યુએસએ, યુકે, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, યુએઈ, નેધરલૅન્ડ, જર્મની, ન્યૂઝીલૅન્ડ, સિંગાપોર, કેન્યા, ફ્રાંસ, સાઉથ આફ્રિકા, સાઉદી અરબ, નૉર્વે, સ્વીડન, ઓમાન, કતાર, રશિયા, જાપાન, પાકિસ્તાન, યુગાન્ડા, ફિનલૅન્ડ, કુવૈત, ચીન, તાન્ઝાનિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં જોવાય છે.

◈ વળી તમે તમારા સ્માર્ટફોન માટે પણ ગુજરાતીલેક્સિકનની મોબાઇલ ઍપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો. શું તમે ગુજરાતીલેક્સિકન વેબસાઇટનું સરનામું નોંધ્યું ?

www.gujaratilexicon.com

આ સરનામા ઉપરથી તમે ગુજરાતી ભાષાના શબ્દો, અર્થ અને જોડણીને લગતી બધી વિગતો સરળતાથી એક ક્લિકે મેળવી શકો છો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪